# સેવા સુવાસ



'અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ "મનુષ્ય" કહે છે.'

સ્વામી વિવેકાનંદ

## સંયુકત મુખપત્ર

એપ્રિલ થી જૂન – ૨૦૨૬



બહેનોની વિજેતા ક્રિકેટ ટીમ



કલરવ શિબિર



વિજીટીકે : સ્વ વિકાસ સેશન



વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

# સેવા સુવાસ

૧૯૮૪ થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર ''સેવા સુવાસ'' તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭થી ''શારદા સુવાસ'' નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા હતાં.

વર્ષ ૨૦૧૨થી બંને સંસ્થાના સંયુક્ત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણ સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક તથા રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રહ્યો છે. આ બંને સંસ્થાના સમાચારો અને તે વિશેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો અહી રજૂ કરતાં રહે છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.


| | સાંકળીયું | પાન નં. |
|---|---|---|
| ૧. | વલોણું | ૨ |
| ૨. | સત્સંગના સથવારે | ૩ |
| ૩. | માતૃશકિત | ૪ |
| ૪. | અમારી વાત | ૫ |
| ૫. | સંસ્થાનાં સમાચાર | ૫ |
| ૬. | મિત્રોની નજરે | ૨૦ |
| ૭. | ભૂલ સ્વીકાર | ૨૦ |
| ૮. | નાનાઓની મોટાઈ | ૨૧ |
| ૯. | સંશોધનની એરણેથી | ૨૧ |
| ૧૦. | ૨૦૩૦માં સેવા રૂરલ | ૨૨ |


**(મુખપૃષ્ઠ) : ટયુટોરિયલના બાળકોનો પ્રવેશોત્સવ**


**સેવા સુવાસ સમિતિ**

બંકિમ શેઠ

રક્ષાબેન વસાવા | દિવ્યાબેન વસાવા | રીંકલબેન વસાવા

તક્ષશીલાબેન દોશી | શકુંતલાબેન વસાવા | ગાયત્રી પટેલ

મનીષ ચૌહાણ | પરસોતમ વસાવા | જૈમિત રાવલ

## વલોણું : મૂઠી ઉંચેરા માનવી

નામ : રીકલ અંજના રાજેશ વસાવા
(નામ બદલ્યું છે.)
ઉંમર : ૧ માસ, ૪ દિવસ, તા. ડેડીયાપાડા,
ગામઃ ઝરણાવાડી
જોખમ : જન્મ સમયે ઓછું વજન,
અધુરા માસે જન્મ
સેવા રૂરલ દાખલ : ૧૩/૧૨/૨૦૨૫,
રજા : ૧૩/૧/૨૦૨૬ (૩૧ દિવસ)
જન્મનું વજન : ૧.૫૦૦ કિ.ગ્રા.
રજા : ૧.૫૯૦ કિ.ગ્રા

અંજનાબેનની આ ચોથી સુવાવડ, અગાઉ ૩ બાળકો જીવિત આવીને અનુક્રમે ૬/૭/૮ માસે મૃત્યુ પામેલાં.

આ બાળકનું વજન ઓછું હોવાથી સેવા રૂરલ NICU માં દાખલ કર્યું. ૩૧ દિવસ NICU માં રહયું. પછી ઘરે ગયાં, ચોથા દિવસે ગૃહ મુલાકાત કરી ત્યારે વજન ખૂબ ઓછું હોવાથી ઘરે શું શું ધ્યાન રાખવું એ સમજાવ્યું. ફિલ્ડ સુપરવાઈઝરે ફોન કરી સિનીયર સુપરવાઈઝરને જાણ કરી કે આ બાળક ગંભીર છે તો તમે એના ઘરે જઈ મુલાકાત કરજો. ત્રીજા દિવસે મુલાકાત કરી ૨ કલાક જેવું એના ઘરે સમય આપ્યો. બેન તેમજ ઘરના લોકોને જોખમ સમજાવ્યું અને રૂબરૂમાં ધાવણ અપાવ્યું તો ખબર પડી કે માતાને ધાવણ ખૂબ જ ઓછું થાય છે. માતાના ખોરાક વિશે માહિતી મેળવતા માતાને મોરીયું તદ્દન પાતળું અને બાફેલા મગ આપતા હતા. ઘરમાં કોઈ વડીલ ન હોવાથી બેનના પતિ, બેનના ભાઈ–બહેનને ખોરાક વિશે જણાવ્યું અને બધું જ ખવડાવવા કહયું. ઘરમાં બનાવેલું હતુ એ રૂબરૂમાં ખવડાવ્યું અને રોજ ખાવા જણાવ્યું. બાળકને છાતીએ રાખવું (KMC) કરવું, નવડાવવું નહિ, ધાવણ, જોખમો વિગેરે સમજ આપી. રૂબરૂમાં KMC પણ કરાવ્યું.

ત્યારબાદ દર બે દિવસે એના ઘરે જઈને ફોલોઅપ કર્યું. એક મહિના સુધી દર બે દિવસે જતાં અને માતાનો આહાર તેમજ બાળકને ધાવણ રૂબરૂમાં કરાવતાં. ધીરે ધીરે વજનમાં ફરક પડયો ૧.૫માંથી ૧.૭૫૦ કિ.ગ્રા. થયું. પરંતુ જેવું વધવું જોઈએ એટલુ વજન વધતું ન હતું. રોજનું ૧૦–૧૫ ગ્રામ જેવું વજન વધતું હતું. સેવા રૂરલ રીફર કર્યું. ડોકટરને બતાવ્યું એની હિસ્ટ્રીની જાણ કરી. બેબી માટે પાવડર લખાવી આપ્યો. ત્યાર પછી માતાનું ધાવણ અને પાવડરનું દૂધ આપતા વજન વધ્યું. રોજનું ૧૫–૨૦ ગ્રામ વજન વધતું હતું. ૩ માસનું થયું ત્યાં સુધી બાળકને નવડાવ્યું નથી. ગરમ પાણીથી પોતું મારીને સાફ કરવા શીખવ્યું એ રીતે સફાઈ રાખતા હતા.

બાળક ૪ માસનું થયું ત્યારે માતાને કમરમાં અને પગમાં દુઃખાવો થતાં સેવા રૂરલમાં સારવાર માટે ૨ વખત લાવ્યા. દવા લે એટલી વાર સારું પછી પાછું દુઃખાવો રહેતો. કોઈએ જણાવ્યું તો કોઈ ભૂવા પાસે લઈ ગયા. ત્યાંથી અઠવાડિયા સુધી બેનને કંઈ સારું નહોતું લાગતું અને એક દિવસ રાત્રે અચાનક છાતીમાં ગભરામણ થતાં ૧૦૮ બોલાવી રાજપીપળા સિવિલમાં લઈ જવા નીકળ્યા. રસ્તામાં જ માતાનું મરણ થયું. બાળક ખૂબ નાજુક–વજન ઓછું, ઉપરનું દૂધ આપતા બાળકની ભૂખ ન સંતોષાતી હોવાથી પડોશમાં રહેતા નાના બાળકની માતાને સુપરવાઈઝર દ્વારા સમજ આપી. તેઓ આ બાળકને ધાવણ આપે એવું જણાવતાં બિમાર બાળકના પિતાએ ના પાડી કે એના બાળકો તો મોટા છે. એનું ધાવણ ભારે પડે એટલે નથી આપવું. તેને

સમજાવ્યું કે એવું કંઈ ના હોય, બાળકો નાના / મોટા હોય પણ માતાનું દૂધ તો બધા માટે સરખું જ હોય એવી સમજ આપતા બિમાર બાળકના પિતા માની ગયા અને પેલાં બંને બહેનોએ પણ સ્વીકાર્યું અને વારાફરતી ધાવણ આપવાનું ચાલું કર્યું અને જરૂર પડે ગાયનું દૂધ કોઈક વખત આપતા. બાળકને આવી રીતે માતાના ધાવણની ખોટ પૂરી કરી. વજનમાં વધારો થયો છેલ્લું તા.૨૯/૫/૨૬નું વજન ૪.૦૦ કિ.ગ્રા. થયું છે. બાળકને મોટી મમ્મી રાખે છે અને દૂધ પીવડાવે છે. દર અઠવાડિયે ફોલોઅપ ચાલુ છે અને વજન વધી રહયું છે. જોકે.... આ બધા વચ્ચે માતાનું મૃત્યુ થયું એ દુઃખજનક છે. હજુ આજે પણ ગ્રામ્ય વિસ્તારોમાં ભગત, ભુવા અને અંધશ્રધ્ધા રહેલી છે. **તેનો ઉપાય શું ?**

## સત્સંગના સથવારે

મારા બહાદુર શિષ્યોને.... આલાસિંગા પેરૂમલ ઉપર ૧૯મી નવેમ્બર ૧૮૯૪ના રોજ ન્યુયોર્કથી લખાયેલ પત્ર. (ગયા અંકથી આગળ)

મહાન યોજના એ છે કે મધ્યહિંદમાં એક વસાહત શરૂ કરવી, કે જ્યાં તમે તમારા વિચારોને સ્વતંત્રપણે અનુસરી શકો; પછી થોડોક ઉત્સાહ બધાને ઉત્સાહિત બનાવશે. દરમિયાન એક મધ્યવર્તી સંસ્થા ઊભી કરો અને સમગ્ર ભારતમાં તેની શાખાઓ સ્થાપતા જાવ. હમણાં માત્ર ધાર્મિક ભૂમિકા ઉપર શરૂ કરો; કોઈ સામાજિક સુધારાનો બળજબરીપૂર્વકનો ઉપદેશ અત્યારે ન કરો. માત્ર મૂર્ખાઈભર્યા વહેમોને ટેકો ન આપો. શંકરાચાર્ય, રામાનુજ અને ચૈતન્ય જેવા પ્રાચીન આચાર્યોએ દોરી આપેલી સહુ માટે મોક્ષ અને સમતાની પ્રાચીન ભૂમિકા ઉપર સમાજનું પુનરુત્થાન કરવા પ્રયાસ કરો.

ઉત્સાહ રાખો અને સૌમાં પ્રેમ પ્રેરો. કામ, બસ કામ કરો ! નેતા હોવા છતાં સૌના સેવક બનો. નિઃસ્વાર્થ બનો. એક મિત્ર ખાનગીમાં બીજા ઉપર આક્ષેપ કરે તે કદી ન સાંભળો. અખૂટ ધીરજ રાખો; અંતે તમને વિજય મળવાનો જ છે.

હવે આ બાબતની ચીવટ રાખો. અમેરિકનો કહે છે તેમ બીજા ઉપર 'દાદાગીરી' ન કરો. હું મારા પત્રો હંમેશાં તમારા પર લખું છું માટે મારા બીજા મિત્રો પાસે મોટાઈ ન બતાવો. તમે એવા મૂર્ખ કદી નહી બની શકો તે હું જાણું છું. છતાં તમને ચેતવણી આપવી તે મારી ફરજ છે. આ રીત બધી સંસ્થાઓનો નાશ કરે છે. કામમાં લાગી જાઓ, બસ કામમાં લાગી જાઓ; કારણ કે બીજાના કલ્યાણ માટે કામ કરવું તે જ ખરું જીવન છે.

હું ઈચ્છું છું કે તમારામાં દંભ, છેતરપિંડી કે લુચ્ચાઈ હોવાં ન જોઈએ. હું હંમેશાં ઈશ્વર ઉપર આધાર રાખું છું. દિવસના પ્રકાશ જેવા તેજસ્વી સત્ય ઉપર અવલંબન રાખું છું. નામ કે યશ મેળવવા કે કોઈ સારું કામ કરવા માટે પણ છળકપટ કરવાનું કલંક મારા અંતરાત્મા ઉપર રાખીને હું મરવા માગતો નથી. અનીતિનો લેશ સરખોય, અશુદ્ધ કાર્યપ્રણાલીનો ડાઘ સુદ્ધાં લાગવો ન જોઈએ.

કોઈપણ જાતની અનિશ્ચિતતા, છળકપટ, કોઈપણ છૂપી બદમાસી કે કોઈપણ પ્રકારની ગુપ્ત દાંભિકતા ન જોઈએ. કાંઈ પણ છુપાઈને કરવાનું નથી. ગુરુનો ખાસ પક્ષપાત ન જોઈએ, અને ત્યાં ગુરુપણું સુદ્ધાં ન જોઈએ. મારા બહાદુર શિષ્યો ! આગળ વધો. પૈસા હોય કે ન હોય, માણસ હોય કે ન હોય, આગળ વધો ! તમારી પાસે પ્રેમ છે ને ? તમારી પાસે ઈશ્વર છે ને ? (કિલ્લામાં) જયાં જયાં ગાબડાં પડે તે

તરફ ધસો, ત્યાં ધસી જાઓ; કોઈ તમને રોકી શકશે નહીં.

કેવું બેહુદું ! થિયોસોફીનાં સામયિકો કહે છે કે મારી સફળતા માટે થિયોસોફિસ્ટોએ રસ્તો તૈયાર કર્યો ! વાહ વાહ ! સાવ ખોટી વાત ! થિયોસોફિસ્ટોએ રસ્તો કર્યો, હેં !

સાવચેત રહેજો ! જે કંઈ અસત્ય છે તેનાથી સાવધાન રહેજો. સત્યને વળગી રહેજો, તો આપણે સફળ થઈશું; ભલેને ધીરે ધીરે પણ સફળતા જરૂર આવશે. જાણે કે હું ન હોઉં તેવી રીતે કામ કરો. જાણે કે તમારા ઉપર જ બધા કામની જવાબદારી છે તેવી રીતે કામ કર્યે રાખો. પચાસ સૈકાઓ તમારા તરફ મીટ માંડી રહયા છે. ભારતનું ભવિષ્ય તમારે હાથ છે. કામ કરો. હું કયારે આવી શકીશ તે કહી શકતો નથી. અહીં કાર્ય માટે વિશાળ ક્ષેત્ર છે. ભારતમાં બહુ બહુ તો તમારી પ્રશંસા થશે, પણ તમારા કામ માટે એક પૈસો પણ મળશે નહીં. અને પોતે જ ભિખારીઓ હોઈને તેમને પૈસો મળે પણ કયાંથી ? વળી છેલ્લાં બે હજાર વર્ષ કે તેથીયે વધારે સમયથી લોકોનું ભલું કરવાની શકિત તેમણે ગુમાવી છે; રાષ્ટ્ર, પ્રજા વગેરે શું કહેવાય તે વિચાર જ તેઓ હજુ શીખે છે; તેથી મારે તેમને ઠપકો આપવાની જરૂર નથી.

તમને સહુને આશીર્વાદ !

તમારો આજ્ઞાંકિત,

**સ્વામી વિવેકાનંદ**
**(સાભારઃ વિવેકાનંદના પત્રોમાંથી ટૂંકાવીને)**

## માતૃશકિત

દર્દીનું નામ : સંગીતાબેન નરેશભાઈ વસાવા
(નામ બદલ્યું છે)
ઉંમર : ૩ર વર્ષ, ગામ : ચીકદા, તા : ચીકદા,
જી : નર્મદા,
અભ્યાસ : ૧૦ પાસ, ઘરકામ

સંગીતાબેનને ત્રીજીવારની પ્રેગ્નેન્સી હતી. આગળના બે સીઝર હતા. પહેલું સીઝર સેવા રૂરલ હોસ્પિટલમાં કરવામાં આવેલ હતું. બાળકની આજુબાજુ પાણી ઓછું અને બાળકના ધબકારા ઓછા હોવાથી, બીજુ સીઝર ડેડીયાપાડા સરકારી હોસ્પિટલમાં કરવામાં આવેલ હતું. તેને બે દીકરી છે. ૧૦ વર્ષની અને બીજી ૬ વર્ષની છે. આ ચાલુ સગર્ભાવસ્થા દરમિયાન બેન પાંચ વાર સેવા રૂરલના ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટર પર સગર્ભા તપાસ કરાવવા આવ્યા હતા. છેલ્લી વખત ૯મા મહિને આવેલ. પછી સગર્ભા તપાસ માટે ફરી આવ્યા નહિ. બેનની સુવાવડની અપેક્ષિત તારીખ પૂરી થઈ ગયા પછી બેન (40 wk) સેવા રૂરલમાં દાખલ થવા માટે આવ્યા. બેનને દાખલ કરી લોહીના રીપોર્ટ કરાવી, બેનના આગળના બે સીઝર હોવાથી ઈમરજન્સીમાં સીઝર લેવામાં આવ્યું. દીકરીનો જન્મ થયો. વજન–૨:૬૫૦ કિ.ગ્રા., બાળક બરાબર રડયું ન હોવાથી NICU માં ઓબ્ઝર્વેશન માટે ૭ દિવસ રાખવામાં આવ્યું. બેનને સીઝર પછી લોહી વહેવાનું બંધ ના થતા ઓપરેશન દરમિયાન ૪ લોહીની બોટલ ચઢાવવામાં આવી અને સગાને સમજાવી બેનની ગર્ભાશયની થેલી કાઢવાનું ઓપરેશન કરવામાં આવ્યું. બેનનું ઓપરેશન સરસ થઈ ગયું. ઓપરેશન પછી ૩ દિવસ ICU માં રાખવામાં

આવ્યા. ૩ દિવસ પછી બેનને સારૂ હોવાથી જનરલ વોર્ડમાં શીફ્ટ કર્યા. ઘનિષ્ઠ માતૃ અને બાળસંભાળ આપીને બેન અને બાળકનો જીવ બચાવી શકયા આ માટે હોસ્પિટલના ડોકટર અને નર્સિંગ સ્ટાફે મહેનત કરવી પડી. આ તમામ સ્ટાફને ખૂબ ખૂબ અભિનંદન .

તા.૨૩/૫/૨૬ બેન અને બાળકને સારૂ હોવાથી રજા આપી અને PMJAY કાર્ડ હેઠળ હોસ્પિટલ બીલ ફ્રી કરવામાં આવ્યું

## અમારી વાત

### અમારા કાર્યકરોની સંવેદનશીલતા

**ચોકલેટ**

હું સેવા રૂરલ હોસ્પિટલમાં કાર્યરત છું, જે ગાયનેક સારવાર માટે ખૂબ પ્રખ્યાત છે. અહીં દરરોજ અનેક બહેનો પોતાની ડીલીવરી કરાવવા માટે આવે છે. ઘણીવાર તેઓ પોતાના નાનકડા બાળકને પણ સાથે લાવે છે. જયારે કોઈ બહેનની સુવાવડ થવાની હોય ત્યારે સાથે આવેલું એ નાનું બાળક માતાને છોડવા તૈયાર નથી થતું અને સતત રડતું રહે છે. આવી પરિસ્થિતિમાં માતાની સારવાર પૂર્ણ કરવામાં મુશ્કેલી પડે છે અને સમગ્ર વાતાવરણ તણાવપૂર્ણ બની જાય છે.

આ સમયે એક નાનકડો પરંતુ હૃદય સ્પર્શી ઉપાય કામ આવે છે – ચોકલેટ. હું મારા ટેબલમાં રાખેલી ચોકલેટ બાળકને આપું છું. ચોકલેટ મળતાં જ એ બાળક ખુશ થઈ જાય છે, રડવાનું બંધ કરે છે અને શાંતિથી બેસી જાય છે. પરિણામે માતા નિરાંતે પોતાની સારવાર પૂર્ણ કરી શકે છે.

આ નાનકડું કાર્ય માત્ર માતાને સહાયરૂપ નથી બનતું, પરંતુ બાળકને પણ સંભાળે છે અને સમગ્ર હોસ્પિટલના વાતાવરણને આનંદમય બનાવે છે. આવા નાના – મોટાં પ્રયત્નો એ સાબિત કરે છે કે સારવાર માત્ર દવાઓથી નથી થતી, પરંતુ માનવીય સ્પર્શ અને સહાનુભૂતિથી પણ થાય છે. અહીં દરેક દર્દી સાથે માનવતા, પ્રેમ અને સંવેદનાનો અહેસાસ જોડાયેલો છે.

આ જ છે સાચી ઓળખ – જયાં આરોગ્ય સાથે સાથે માનવીય મૂલ્યોનું પણ સ્થાન છે, અને જયાં દરેક નાનકડો પ્રયત્ન જીવનને વધુ પ્રેરણાદાયક બનાવે છે.

(નોંધ: ચોકલેટ નાના બાળકોના સ્વાસ્થ્ય માટે સારી નથી)

## સેવા રૂરલ જનરલ સમાચાર

- સેવા રૂરલના ગુમાનદેવમાં આવેલા વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રમાં કેમ્પસને અડીને આવેલી ગામ ઉંચેડિયાની કુલ ૬૪૦૦ ચો.મી. એટલે કે ૬૪ ગુંઠા જમીન સેવા રૂરલે વિજીટીકે અને વિવિધ ગ્રામ વિકાસની પ્રવૃતિઓ માટે તા.૨૨/૪/૨૦૨૬ના રોજ વેચાણથી રાખી છે. વિજીટીકેના વિસ્તૃતિકરણમાં નવું બાંધકામ જે કરવાનું છે. તેમાં આ જમીન ઘણી ઉપયોગી બનશે.
- તા. ૨૧/૧૧/૨૦૨૫ના રોજથી કેન્દ્ર અને રાજય દ્વારા અમલમાં આવેલા ૪ નવા લેબરકોડ અંગે સેવા રૂરલમાં તેનો સારી રીતે અમલ કરી શકાય તે માટે વિવિધ નિષ્ણાંતોની મદદથી સમજણ કેળવીને નાના મોટા જરૂરી

ફેરફારો કરવાનું શરૂ કરી દેવામાં આવેલ છે, જેથી લીગલ કોમ્પ્લાયન્સ સારી રીતે કરી શકાય.

- ડેડીયાપાડા નજીક સેજપુર ગામમાં ૧૫ એકર જેટલી જમીન સેવા રૂરલે ૨૦૧૭માં ખરીદી હતી. આ જમીન ઉપર પ્રથમ તબકકામાં આરોગ્ય સેટેલાઈટ સેન્ટરની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. આ માટેના આર્કિટેકટ તરીકે મોદી એન્ડ એસોસિએટના શ્રી પંકજભાઈ મોદી અને પ્રણોતીબેન મોદીની નિમણૂંક કરવામાં આવી છે. આ જમીન ઉપર પાણી અને લાઈટની વ્યવસ્થા ટૂંક સમયમાં ઉપલબ્ધ થનાર છે. પરિણામે ડેડીયાપાડા અને સાગબારા જેવા ઉંડાણવાળા વિસ્તારના મુખ્યત્વે બહેનો અને સીકલસેલના દર્દીઓને નજીકમાં જ આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ થશે.

## હોસ્પિટલ વિભાગ

- ૧૧ જૂન ૨૦૨૬ થી ૨૧ બહેનો “એડવાન્સ પ્રેકટીકલ ટ્રેનીંગ ઓફ નર્સીંગ” (APTN)ની ૩ મહિનાની તાલીમ માટે જોડાયા.
- ૨૫ જૂન ૨૦૨૬ના રોજ જયાબેન મોદી હોસ્પિટલ, અંકલેશ્વરથી શ્રી કમલેશભાઈ ઉદાણી, ડો.ભૂમીકાબેન તથા અન્ય ૪ સીનિયર ડોકટર્સ સેવા રૂરલની મુલાકાતે આવી ગયા.
- ડો. દિવ્યા મોદી ૨૬ જૂન ૨૦૨૬થી આંખ વિભાગમાં Fellow તરીકે જોડાયા.
- ડો. જશ ઉપાધ્યાય MBBS Fellow તરીકે ૨૬ જૂનથી અજીમ પ્રેમજી યુનિવર્સીટીમાંથી જોડાયા.
- ડો. કિંજલ વસાવા (BHMS) જૂન ૨૬ થી મેડિકલ ઓફીસર તરીકે જોડાયા.
- ગાયનેકોલોજીસ્ટ ડો. દિપ્તીબેન વસાવા જે દર મંગળવારે ગાયનેક ઓપીડી અને Anomaly Scan માટે આવે છે. તેમણે એક દર્દીની સોનોગ્રાફી અને Amniocentesis ની પ્રોસીઝર કરી આપી. જે હોસ્પિટલની કેર અને ડો.દિપ્તીબેનની દર્દીઓ પ્રત્યેની કરૂણા દર્શાવે છે.
- તા.૧૩/૪/૨૬થી ડો. ચિરંતન કાનાની (MBBS) મેડિકલ ઓફીસર તરીકે જોડાયા.
- તા. ૧૬/૪/૨૬ના રોજ હોસ્પિટલમાં બ્લડ ડોનેશન કેમ્પ સુરત રકતદાન કેન્દ્રના સહયોગથી રાખવામાં આવ્યો. જેમાં ૫૭ બોટલનું રકતદાન થયું.
- તા. ૨૫/૪/૨૬ના રોજ હોસ્પિટલ વિભાગનું વર્ષ ૨૦૨૫–૨૬નું વાર્ષિક મૂલ્યાંકન કર્યુ.
- તા. ૨૪/૪/૨૬થી ડો. નરેશભાઈ પટેલ પીડીયાટ્રીશ્યન તરીકે જોડાયા.
- ૨૦૨૫–૨૬ના વર્ષમાં હોસ્પિટલમાં સ્વચ્છતા હજુ વધારે સારી કેવી રીતે કરી શકીએ તેના ભાગરૂપે તા.૨/૫/૨૬ના રોજ સેવા રૂરલમાંથી ૧૧ કાર્યકરો જી.એમ.આર. વરલક્ષ્મી ફાઉન્ડેશન – એકતા સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર કેવડિયા ખાતે હાઉસકીપીંગની તાલીમ કેવી રીતે અપાય તે જોવા માટે જઈ આવ્યા.
- તા. ૧૪/૫/૨૬થી છીતુભાઈ વસાવા પટાવાળા તરીકે જોડાયા.

- તા. ૧૪/૫/૨૬થી તા.૧૬/૫/૨૬, ૩ દિવસ માટે ડો.પંકજભાઈ, ડો. ગાયત્રીબેન New Heights in Health care quality ના વર્કશોપમાં, એકતા નગર, કેવડિયા ખાતે ગયાં હતાં.
- ડો. પ્રતીક કલસરીયા ૨૬/૫/૨૬થી આંખ વિભાગમાં Fellow તરીકે જોડાયા.
- **ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટર આંકડાકીય વિગત (ગાયનેક ઓપીડી)**

| અં. નં. | માસ | ઓપીડી દર્દી | રીફર |
|---|---|---|---|
| ૧ | એપ્રિલ – ૨૬ | ૧૬૦૮ | ૨૭ |
| ૨ | મે – ૨૬ | ૧૫૬૧ | ૨૬ |
| ૩ | જૂન – ૨૬ | ૧૮૯૬ | ૩૪ |
| કુલ | | ૫૦૬૫ | ૮૭ |



**શકિત જ જીવન છે,**
**નિર્બળતા એ મૃત્યુ છે.**
**શકિત આનંદરૂપ છે,**
**શાશ્વત અને અમર છે.**
**નિર્બળતા સતત બોજો**
**અને દુઃખ છે, મૃત્યુ છે.**

**સ્વામી વિવેકાનંદ**

**રાષ્ટ્ર માટે પોતાનું**
**સર્વસ્વ હોમી દેવા**
**તત્પર બનેલા અને**
**નિષ્ઠાથી ઊભરાતા**
**લોકોનો જ્યારે તમને**
**સાથ મળે – એવા લોકો**
**જ્યારે તમારી વચ્ચે**
**ઊભા થાય – ત્યારે ભારત**
**એકેએક ક્ષેત્રમાં**
**મહાન બનશે.**
**રાષ્ટ્ર એટલે**
**આખરે તો**
**રાષ્ટ્રના લોકો જ !**

**સ્વામી વિવેકાનંદ**

# આંખ વિભાગ

## આંખ નિદાન કેમ્પ દાતાઓની વિગત

| ક્રમ | તારીખ | ગામ | તાલુકો | વ્યકિતગત / સહયોગી સંસ્થા |
|---|---|---|---|---|
| ૧. | ૫/૪/૨૦૨૬ | વણખૂંટા | નેત્રંગ | સ્વ. દોલતભાઈ મગનભાઈ દેસાઈ સુરતના સ્મરણાર્થે. હસ્તે.હિરેનભાઈ દોલતભાઈ દેસાઈ |
| ૨. | ૧૨/૪/૨૦૨૬ | માંકડઆંબા | ગરૂડેશ્વર | સ્વ. કિશોરભાઈ ચુનીલાલ શાહ અમેરિકા હાલ મુંબઈના સ્મરણાર્થે હસ્તે. કિશોરીબેન કિશોરભાઈ શાહ (અમેરિકા) |
| ૩. | ૧૯/૪/૨૦૨૬ | સીસોદરા | નાંદોદ | સ્વ. શશીબેન ચીમનલાલ જાની ની પૂણ્ય સ્મૃતિમાં સ્વ. મિરયમબેન ચોપડેની પુણ્ય સ્મૃતિમાં |
| ૪. | ૩/૫/૨૦૨૬ | અશા | ઝઘડિયા | દોશી ચંચળબેન શંકરલાલ અને શંકરલાલ રણછોડદાસ ટ્રસ્ટ – ઉમલ્લા સ્વ. સુધાબેન અને સ્વ. અંબાલાલ દોશીના સ્મરણાર્થે |
| ૫. | ૧૦/૫/૨૦૨૬ | દરીયા | ઝઘડિયા | સ્વ. નિર્મલાબેન હિંમતલાલ દોશી મુંબઈના સ્મરણાર્થે સ્વ. સવિતાબા મંગળભાઈ પટેલ વિરપુરના સ્મરણાર્થે |
| ૬ | ૧૭/૫/૨૦૨૬ | લાછરસ | નાંદોદ | સ્વ. ચંચળબેન શિવલાલ જેસલપુરાના સ્મરણાર્થે વૈશ્વી હોસ્પિટલ તરફથી |
| ૭ | ૨૪/૫/૨૦૨૬ | વટારીયા | વાલીયા | શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી. વટારીયાના સૌજન્યથી સ્વ. જયાબેન શાંતિલાલ દેસાઈ અમદાવાદના સ્મરણાર્થે હસ્તે.દેસાઈ પરિવાર |
| ૮ | ૩૧/૫/૨૦૨૬ | રઝલવાડા | ઝઘડિયા | જી.આર.ટી.લિમીટેડ –અંકલેશ્વરના સૌજન્યથી. |
| ૯ | ૭/૬/૨૦૨૬ | ઝઘડિયા | ઝઘડિયા | મનોજભાઈ ધુપેલીયાના સૌજન્યથી |
| ૧૦ | ૧૪/૬/૨૦૨૬ | કરા | વાલીયા | સ્વ.ભુલાભાઈ માધવભાઈ પટેલ ભરાડીયાના સ્મરણાર્થે– શ્રીમતી આનંદીબેન અરવિંદભાઈ શાહ વડોદરા |
| ૧૧ | ૨૧/૬/૨૦૨૬ | રારોદ | કરજણ | સ્વ.નારણભાઈ નાથાભાઈ પટેલના સ્મરણાર્થે હસ્તે.પરાગભાઈ નાથાભાઈ પટેલ (ઓઝ) |
| ૧૨ | ૨૮/૬/૨૦૨૬ | ધારોલી | ઝઘડિયા | ગેલેક્સી સર્ફેકટન્ટસ લિમીટેડ ના સૌજન્યથી |

## કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ (CHP)

- SNCU પ્રોજેકટ અંતર્ગત એપ્રિલ માસથી ઝઘડિયા, નેત્રંગ, વાલીયા, ડેડીયાપાડા, નાંદોદ તાલુકાના ગામોમાં NICUમાં દાખલ બાળકોનું ફોલોઅપ અને કાઉન્સેલીંગ તેમજ જરૂર લાગતા જોખમી બાળકોને સેવા રૂરલ હોસ્પિટલ રીફર કરવા જેવા કાર્ય કરી રહયા છે. હાલમાં આ તાલુકાઓ ઉપરાંત હવે અંકલેશ્વર તાલુકાના વધુ ૩ PHCના બાળકોનું ફોલોઅપ કરવાનું શરૂ કરવામાં આવ્યું.
- SNCU પ્રોજેકટ અંતર્ગત અતિ કુપોષણ વાળા બાળકોનું ફોલોઅપ ઘનિષ્ઠ રીતે કરવામાં આવે છે. જેમાં ખાસ RUTF બાળકોને સપ્લીમેન્ટ્રી ફુડ તરીકે આપવામાં આવે છે. આ વર્ષથી હવે આપણે આવા અતિ કુપોષિત હોય એવા બાળકોને ઘરે બનાવેલ એનર્જી ડેસિફુડ (EDF) બનાવી આપવામાં આવે છે. આ અત્યારે પ્રાયોગિક રીતે થોડાક બાળકોમાં ચાલુ કરેલ છે.
- કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટમાં ચાલતા જુદા જુદા પ્રોજેકટનું ડેટા આધારિત મોનિટરિંગ શરૂ કરવામાં આવ્યું.
- સ્વસ્થ બાળપણ પ્રોજેકટ અંતર્ગત ચાલતા કાર્યક્રમમાં સર્વેની કામગીરી પુરી થઈ. જેમાં ખાસ ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના (ગોવાલી, પાણેથા, ડહેલી, ગુંદિયા) ૧૫૫૦૦ કુટુંબોની માહિતી લીધી. જેમાં ૪૪૩૪ જેટલા ૫ થી ૧૦ વર્ષના બાળકોની તપાસ કરવામાં આવી. જેમાંથી ૭૧૭ (૧૬.૨%) બાળકો અતિ કુપોષિત ૧૩૬૪ બાળકો (૩૦.૬%) મધ્યમ કુપોષિત અને ૨૩૫૩ (૫૩.૧%) બાળકો નોર્મલ જોવામાં આવ્યા હતા.
- સ્વસ્થ બાળપણ પ્રોજેકટ અંતર્ગત જે બાળકો કુપોષિત અને મધ્યમ કુપોષિત જોવા મળેલ, એવાં બાળકોને ઘરે મુલાકાત કરી ઘરમાં બનતો ખોરાક જ બાળકને ખવડાવવા તેમજ ખોરાકમાં વધુ શું બદલાવ કરી શકાય એ સંદર્ભે સમજ આપવામાં આવી તેમજ બીમારી હોય એવા બાળકોને રીફર કરવામાં આવ્યાં. ઘરે સારવાર થઈ શકે તેવાં બાળકોને ઘરે જ સારવાર શરૂ કરવામાં આવી.
- તા.૩૦/૪/૨૬ અને તા.૧/૫/૨૬ ના રોજ સર્વાંગી પ્રાથમિક આરોગ્ય સંભાળમાં કામ કરતા ૩૪ ગ્રામ્ય કાર્યકરોને ડાયાબીટીસ અને હાઈપર ટેન્સનનું સ્ક્રીનીગ કઈ રીતે કરવું તે માટેની તાલીમ આપવામાં આવી.
- તા.૫/૪/૨૬ થી સર્વાંગી પ્રાથમિક આરોગ્ય સંભાળ કાર્યક્રમ અંતર્ગત ચાલતા ૩૪ ગામોમાં ૪૦ વર્ષથી ઉપરના બધા જ લોકોનું ડેડીયાપાડા તાલુકામાં સ્ક્રીનીગ શરૂ કરવામાં આવ્યું.
- અમદાવાદ સ્થિત એચ.સી.એફ (HCF) હોસ્પિટલ સાથે MOU કરવામાં આવ્યુ. જેમાં ખાસ ૧૮ વર્ષથી નાની ઉંમરના અને સામાજિક અને આર્થિક રીતે નબળી સ્થિતી ધરાવતાં પરિવારનાં જન્મજાત ખોડ ખાંપણ ધરાવતાં બાળકોની સારવાર કરી આપવામાં આવશે. જેમાં ખાસ,

  ૧.હાથ (Upper Limb) અને પગ (Upper Limb)ની જન્મજાત ખોડ ખાંપણની સુધારાત્મક સારવાર

૨.ફાટેલા હોઠ અને ફાટેલા તાળવાની સારવાર
૩.કીકી પ્રત્યારોપણ

- વર્ષ દરમ્યાન વિભાગના દરેક પ્રોજેકટમાં સહુએ સાથે મળી નકકી કરવામાં આવ્યું કે આ વર્ષ આપણે વિભાગમાં કરકસર કરીશું. જેમાં લાભાર્થીને આની અસર ન થાય એ રીતના આપણે કરકસર કરીશું જેમાં ખાસ (૧) ફીલ્ડમાં જવા માટે વ્હીકલ લઈ જઈએ છીએ એનો સ્માર્ટ પ્લાનીંગ કરી એક ગાડી પર બે કાર્યકર જઈ શકે (૨) સાધનો – દવાઓનો યોગ્ય ઉપયોગ અને જાળવણી તેમજ જરૂરીયાત મુજબની દવાઓ ખરીદવી.
- કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ અંતર્ગત એપ્રિલ માસથી આપણે ટેલિ કાઉન્સેલીગનો પ્રોજેકટ શરૂ કર્યો. જે અંતર્ગત આપણે સેવા રૂરલમાં થયેલ સુવાવડવાળા બહેનોમાંથી જે બહેનની સુવાવડ સીઝેરીયન દ્વારા થઈ છે. જે બહેનના બાળકનું વજન ૨.૫ કિલોથી ઓછું છે અને જે બહેનની પહેલી સુવાવડ થઈ છે. તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ વિભાગમાં આપણે ફીલ્ડમાં કામગીરી કરવા માટે જતા હોઈએ છીએ ત્યારે માતા–પિતા વગરનાં અથવા એકલી માતા કે એકલા પિતા હોય તેવા બાળકોને આપણે કામરેજ સ્થિત વાત્સલ્યધામ શાળામાં ભણવા જવા માટે પ્રોત્સાહિત કરતા હોઈએ છીએ. ચાલુ વર્ષ દરમ્યાન આપણે આવા ૧૨ વિદ્યાર્થીઓ (નવા) એડમિશન કરાવ્યા હાલમાં ૫૫ બાળકો (ધરમપુર) અભ્યાસ કરી રહયા છે.
- જશોદા નરોત્તમ પબ્લીક ચેરીટી ટ્રસ્ટ (JNPCT)ને સેવા રૂરલ ૨૦૦૫ થી ટેકનીકલ સપોર્ટ પુરો પાડે છે. તેના ભાગરૂપે એપ્રિલ ૨૦૨૬થી કપરાડા તાલુકાનું એક પ્રાયમરી હેલ્થ સેન્ટર (PHC) અને વાંસદા તાલુકાના એક PHC માં ઘરે ઘરે જઈને સર્વે પુરો કરવામાં આવ્યો. શરૂઆતમાં માતૃબાળ સંભાળ કાર્યક્રમમાં કામ ચાલુ કરીશું.
- અમૃતા પટેલ સેન્ટર ફોર પબ્લિક હેલ્થની બીજી બોર્ડ ઓફ સ્ટડીસ મિટિંગ ૨૧ જૂનના રોજ યોજાઈ ગઈ. (વિદ્યાનગર) તેમાં ડો.ધીરેન મોદીએ ઓનલાઈન ભાગ લીધો હતો.
- ઈન્ડિયન એસોસીએશન ઓફ પ્રિવેન્ટીવ એન્ડ સોશ્યલ મેડીસીન (IAPSM) રેસિડેન્ટ ડોકટર્સ માટે પબ્લીક હેલ્થ ઈન્સ્ટિટયૂટ અને ફિલ્ડ મુલાકાત IAPSM ગુજરાત ચેપ્ટર દ્વારા ગુજરાતની તમામ મેડિકલ કોલેજોના પ્રિવેન્ટીવ સોશિયલ મેડીસીન (PSM) વિભાગના રેસિડેન્ટ ડોકટર્સ માટે સેવા રૂરલમાં તા.૨૨ અને ૨૩મી જૂનના રોજ એક વિશેષ અને પ્રેરણાદાયી શૈક્ષણિક પ્રવાસનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું એમાં PSM ના ૩૪ ડોકટર્સ અને ૩ ફેકલ્ટી પણ જોડાયાં હતા.

## તાલીમ કેન્દ્ર સમાચાર :

- **જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટિ ટ્રસ્ટ –ધરમપુર :** ૬ થી ૧૦ એપ્રિલ ૨૦૨૬ ના દરમ્યાન જશોદા પબ્લિક ચેરિટિ ટ્રસ્ટ–ધરમપુર સંસ્થાના "ઘનિષ્ઠ માતૃબાળ

સંભાળ" કાર્યક્રમ અંતર્ગત ૨૯ સહેલી બહેનો, ૧૯ સુપરવાઈઝર મળી કુલ ૪૮ ભાઈ બહેનોને સગર્ભા સંભાળ, ધાત્રી સંભાળ, IMNCI માં બે માસ સુધીના બાળકની સંભાળ વિશેની પાંચ દિવસીય તાલીમ આપી.

- **માસિક સ્વચ્છતા વર્કશોપ – ગાંધીનગર :** તારીખ ૨,૧૨,૧૫ મે ૨૦૨૬ આ ત્રણ દિવસોમાં યુનીસેફ અને ગુજરાત સરકાર દ્વારા આયોજીત "માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન" વિશે સેવા રૂરલમાંથી ડો. શોભાબેન અને તેમની ટીમે માસિક કોર્નર અને કિશોરાવસ્થાના ફેરફાર, માસિક માન્યતાઓ વિશે શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ, આઈ.સી.ડી.એસ વિભાગના ૨૦૦ થી વધુ માસ્ટર ટ્રેનર્સને તાલીમ આપી.
- **આશા કાર્યકર સર્ટિફિકેશન તાલીમ – દમણ :** તારીખ ૪ અને ૫ મે ૨૦૨૫ બે દિવસ માં ૪૨૦ આશાકાર્યકર બહેનોને માતૃબાળ સંભાળ અને આશા સર્ટિફિકેશન માટે એક દિવસીય તાલીમ સેવા રૂરલમાંથી ડો. નેન્સીબેન, ગાયત્રી પટેલ અને ડો. શોભાબેને આપી.
- **એલ એન્ડ ટી – ઉમંગ પ્રોજેકટ કેપેસિટી બિલ્ડીંગ તાલીમ :** ૨૯,૩૦ મે ૨૦૨૬ બે દિવસ ઉમંગ પ્રોજેકટ ફોર એજયુકેટર અને કોઓર્ડિનેટરની કેપીસીટી બિલ્ડીંગ ટ્રેનીગમાં ૧૫ વ્યકિતઓને એન્ટરપ્રિન્યોરશીપ, ટીમ બિલ્ડીંગ, કમ્યુનીકેશન સ્કીલ, રેકોર્ડ રીપોર્ટીંગ, સોશ્યલ રીસ્પોન્સીબીલીટી વિષયો પર વૈભવભાઈ અને ડો. શોભાબેન તથા ટ્રેનીગ સેન્ટર ટીમે ગ્રુપચર્ચા, વિડિયો, રમતોથી તાલીમને રસપ્રદ બનાવી.

## ઈનહાઉસ તાલીમ :

- **નવા કાર્યકર વર્કશોપ :** ૨૨ અને ૨૩ મે ૨૦૨૬ બે બેચમાં છેલ્લા એક વર્ષમાં જોડાયેલ ૭૮ કાર્યકર ભાઈ બહેનોને સેવા રૂરલ સંસ્થાનુ વિઝન– મીશન, અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારથી સેવા રૂરલ અલગ કઈ રીતે છે ? તથા સ્ટાફ વેલ્ફેર પ્રવૃતિ વિશે વર્કશોપમાં જાણકારી આપી. ડો.ધીરેનભાઈ અને ડો.પંકજભાઈ વર્કશોપના સમાપનમાં પ્રેરણાત્મક વાત કરવા માટે જોડાયા.
- **કોઓર્ડીનેશન વર્કશોપ :** તારીખ ૧૯,૨૦ જુન ૨૦૨૬ બે દિવસ કોઓર્ડીનેશન વર્કશોપ થયો. જેમાં કુલ ૪૪ કોઓર્ડીનેશન સભ્યો જોડાયા. વર્કશોપમાં કરકસર એટલે શું ? રીપોર્ટીંગ કેમ જરૂરી અને સ્વસ્થ કેમ રહેવું ? વિષયો પર ડો.પંકજભાઈ, ડો.ગાયત્રીબેન, ડો.ધીરેનભાઈએ કાર્યકરોના સ્વવિકાસ સંદર્ભે વાર્તાલાપ કર્યો.
- **કલરવ અને ટયુટોરીયલ બાળકો સેશન :** ૭ મે ૨૦૨૬ ના રોજ કલરવ શિબિરમાં આવેલ ૭૦ બાળકોને "સારો સ્પર્શ અને ખરાબ સ્પર્શ" વિશે વિડિયો બતાવી તેની ચર્ચા કરી બાળકો આવી પરીસ્થિતિમાં સ્વ બચાવ માટે શું કરવું તેની સમજ આપી.

## એડોલેસન્ટ વિભાગ :
## કિશોર કિશોરી જાગૃતિ કાર્યક્રમ

- ત્રણ માસમાં એડોલેસન્ટ વિભાગમાં શાળા,આશ્રમમાં તેઓના શાળાકીય અભ્યાસ વર્ષ પ્રમાણે તેઓનું એડોલેસન્ટ કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન બાદ કુલ ૧૨૧૧ કિશોર

કિશોરીની આરોગ્ય તપાસ કરી. તપાસ દરમ્યાન ૭ ગંભીર એનીમીયા, ૫ સીકલસેલ, ૧૨૫ ગંભીર કુપોષણ ધરાવતા એડોલેસન્ટનું કાઉન્સેલીંગ કરી જરૂરીયાત હોય તેવા ૧૭ કિશોર – કિશારીને હોસ્પિટલમાં રીફર કર્યા.

- **સ્કુલ ડ્રોપ આઉટ શિબિર :** ૩૦ એપ્રિલ ૨૦૨૬ થી ૪ મે ૨૦૨૬ ચાર દિવસ દરમ્યાન ગ્રામ્ય કક્ષાએ કુલ ૮ ગામોમાં સ્કુલ ડ્રોપ આઉટ શિબિર કરી. જેમાં સોશ્યલ મિડિયા નો સલામત ઉપયોગ, કિશોરીઓમાં માસિક દરમ્યાનની સ્વચ્છતા, જીવન સાથીની પસંદગી વિષયો પર શાળાએ જતા અને શાળાએ ન જતા ૨૦૩ એડોલેસન્ટને સમજાવ્યું. ૪૦ કિશોરીને માસિક સ્વચ્છતા કીટ ટોકન ચાર્જથી આપી.
- **માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન સેશન :** ૮ એપ્રિલ ૨૦૨૭ના રોજ કન્યા આદર્શ શાળામાંથી આવેલ પત્ર અન્વયે "માસિક દરમ્યાનની સ્વચ્છતા અને તેનું વ્યવસ્થાપન" વિષય પર ૭૦ થી વધુ કિશોરીઓને સમજ આપી.
- **રાત્રિ ગ્રામ શિબિર : વિષય :** તારીખ ૧૯,૨૦,૨૧,૨૨ મે ૨૦૨૬ દરમ્યાન ૮ ગામોમાં રાત્રિ ગ્રામ શિબિર કરી. શિબિરમાં બાળકોની એકાગ્રતા વિકસે તેવી રમતો રમાડી. કાગળની ટોપી બનાવતા શીખવ્યું. ગામની રેલીમાં આરોગ્ય સુત્રો બોલી જાગૃત કર્યા. એનિમિયા, પોષક આહાર, જીવન ઘડતર, નાની ઉંમરે લગ્ન અંગે સ્ટાફ દ્વારા નાટકોની રજુઆત કરી એ વિશે લોકો સંવેદનશીલ બને તેવા પ્રયત્ન કર્યા. દરેક ગામમાં ગામના વડીલોએ હાજર રહી સેવા રૂરલની કામગીરીને બીરદાવી. બાળકો, કિશોર કિશોરી, બહેનો, ભાઈઓ મળી કુલ ૧૦૦૨ લોકો કાર્યક્રમમાં જોડાયા. રાત્રિ શિબિર માટે જરૂરી પાથરણાં, લાઈટ વગેરે વ્યવસ્થા કરવામાં ગામના લોકો મદદરૂપ થયા.
- **માસિક સ્વચ્છતા દિવસ ઉજવણી :** ૨૮ મે ૨૦૨૬ માસિક સ્વચ્છતા દિવસ ઉજવણી હોસ્પિટલમાં ઓ.પી.ડી વિભાગ,યુનીટ ૩ ના દર્દીઓ,સગાઓ સાથે તથા ગારમેન્ટ વિભાગમાં સહયોગી બહેનો અને સિવણ અને પાર્લરના તાલીમાર્થી બહેનો તથા વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રના વિધાર્થીઓ મળી ૨૨૪ ભાઈઓ અને ૧૫૬ બહેનો માસિક સ્વચ્છતા અંગે નાટકની રજુઆત, માસિક વ્યવસ્થાપન કીટ ના ઉપયોગની માહિતી, માસિકના વિવિધ શોષકો તેનો સલામત ઉપયોગ અને માસિક દરમ્યાન રાખવાની કાળજી માટે જાગૃતિ કાર્યક્રમ કર્યો.

## સ્વરક્ષણ તાલીમ :

- ત્રણ માસ દરમ્યાન સ્વરક્ષણની બે તાલીમ થઈ. સીવણ અને પાર્લરના પર તાલીમાર્થીઓએ તેનો લાભ લીધો અને ગ્રામ્યસ્તરે તાલીમ લઈ રહેલ ૫૫ બહેનોને જાતીય સતામણી અને તેના સ્વરક્ષણ સેશન દ્વારા જાણકારી આપી.
- **જાતીય સતામણી વિરોધિ સમિતિ – સેવા રૂરલ :** ૨૩ જુન ૨૦૨૬ ના રોજ જાતીય

સતામણી વિરોધિ સમિતિ, સેવા રૂરલની મિટિંગ કરી. કુલ ૧૦ સભ્યો હાજર રહયા. વિભાગીય આવેલ પ્રશ્નોની રજુઆત અને સમિતિમાં પ્રશ્ન આવે તો કેવી રીતે કામગીરી કરવી તેની ચર્ચા કરવામાં આવી. જે સંદર્ભે વિષય નિષ્ણાંત નિમિષાબેને જાણકારી આપી.

- **ગર્લ સામર્થ્ય લીડરશીપ કેમ્પ :** ૨૭ થી ૨૯ એપ્રિલ ૨૦૨૬ દરમ્યાન સીવણ અને પાર્લર ના તાલીમાર્થી ૩૩ બહેનો સાથે સામર્થ્ય કેમ્પ કર્યો. જેમાં લિંગ ભેદભાવ, લિંગ અસમાનતા, માસિક માન્યતાઓ, સ્ત્રીઓ અને લગ્ન, સ્ત્રીઓ અને કેરીયર, સ્ત્રીઓ અને હિંસા, વસ્તુતીકરણ, સ્ત્રી જીવન સંઘર્ષો,સમાનતાનો ખ્યાલ,પિતૃસત્તાક સમાજ વગેરે વિષયો પર વિડિયો કિલપિંગ, ગ્રૃપચર્ચા અને રોલપ્લેના માધ્યમથી સમજ આપી.

## કાર્યકરોનો સ્વવિકાસ :

- ૨૨ એપ્રિલ ૨૦૨૬ ના રોજ BDMA (ભરૂચ ડીસ્ટ્રીક મેનેજમેન્ટ એસોસીએશન)માં ''Strategic Decision Making & Problem Solving'' એક દિવસીય વર્કશોપમાં ડો.ફોરમ, ડો.ફેનીલ, ડો.અભિષેક, ડો.મનપ્રિત, ડો.ઉમેશ, ડો.યોગેશ અને ડો.નેન્સી સહભાગી બન્યા.
- **જીવન ઘડતર તાલીમ :** ૨૧ થી ૨૪ એપ્રિલ ૨૦૨૬ દરમ્યાન જીવન ઘડતર પ્રોજેકટ અંતર્ગત ૪ દિવસીય તાલીમમાં સેવા રૂરલમાંથી ટયુટોરિયલ સ્ટાફ,એડોલેસન્ટ સ્ટાફ,સંવેદના ટ્રસ્ટના કાર્યકર બહેનો મળી કુલ ૨૭ લોકો તાલીમમાં જોડાયાં. રીસોર્સ પર્સન તરીકે કે.એફ.શ્રોફ ફાઉન્ડેશન – વડાલીથી પ્રશાંતભાઈ અને રવીન્દ્રભાઈએ વિવિધ પ્રવૃતિઓ કરાવી સમજ આપી.

## સ્ટુડન્ટ પ્લેસમેન્ટ :

- એપ્રિલ,જુન ૨૦૨૬ પારૂલ યુનિવર્સિટી – વડોદરાથી MD Community Medicine અભ્યાસના ભાગરૂપે ડો.ધ્વનિબેન અને ડો.હનીબેન તથા ડો.એન.ડી.દેસાઈ ફેકલ્ટી ઓફ મેડીકલ સર્વિસ એન્ડ રીસર્ચ – નડીયાદથી ડો.સચીન સ્વૈચ્છિક સંસ્થા પોસ્ટીગમાં ૧૫ દિવસ માટે આવ્યા.
- કેરાલા યુનિવર્સિટીમાંથી માસ્ટર ઈન પબ્લીક હેલ્થનો અભ્યાસ કરતા બે વિદ્યાર્થીની બહેનો ૨ માસની ઈન્ટર્નશીપ માટે આવ્યા. તેઓએ હોસ્પિટલમાં સરકારી યોજના અને ડેડીયાપાડા સેટેલાઈટ કિલનિક અંગે પ્રોજેકટમાં પોતાના અભ્યાસની કામગીરીનો અનુભવ લીધો.
- જુન માસમાં ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી – ભરૂચ થી એન્જીનીયરીગનો અભ્યાસ કરતા પાંચ વિદ્યાર્થીઓ સોશ્યલ ઈન્ટર્નશીપમાં ''વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ પોપ્યુલેશન કંટ્રોલ પ્રોજેકટ'' પર વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રમાં પ્રોજેકટ કામગીરી કરી અને ગર્વમેન્ટ એન્જીનીયરીગ કોલેજ – ભરૂચ થી બે વિદ્યાર્થીઓએ ''સ્માર્ટ વેસ્ટ સેગ્રીગેશન સીસ્ટમ'' પ્રોજેકટ પર કામગીરી કરી.

- જુનમાં શ્રી સદ્વિદ્યા મંડળ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી – ભરૂચ ના બે એન્જીનીયરીગ વિદ્યાર્થીઓએ ૧૫ દિવસના સોશ્યલ ઈન્ટર્નશીપમાં, શારદા મહિલા વિકાસ સોસાયટીમાં સીવણ અને પાર્લરની તાલીમ લઈ ચુકેલ બહેનોનો સર્વે કરી તેનું એનાલીસીસ, પ્રેઝન્ટેશન કામગીરી કરી. બાલ હંસ કોલેજ ઓફ સોશ્યલ વર્ક – થવા થી માસ્ટર ઓફ સોશ્યલ વર્ક માં અભ્યાસ કરતા ચાર બહેનોએ તેઓના ૪૦ દિવસની ઈન્ટર્નશીપમાં સીવણ અને પાર્લર તાલીમ લઈ ચુકેલ બેહનોનો ફોલોઅપ સર્વે કર્યો અને એડોલેસન્ટ વિભાગની કામગીરીમાં સહભાગી બન્યા.

## VGTK સ્ટુડન્ટ સાથે સેશન :

- ત્રણ માસ દરમ્યાન VGTK સ્ટુડન્ટ સાથે, હાઈરીસ્ક બિહેવીયર, સોશ્યલ મિડિયા અને સલામત ઉપયોગ, જાતીય સતામણી કોને કહેવાય અને ભાઈઓની ભુમિકા તેને અટકાવ વિષય સેશન લીધા. કવીઝ અને પોસ્ટ ટેસ્ટ પણ કર્યુ.
- **લીડરશીપ સેશન :** ૩૦ જુન ૨૦૨૬ ના રોજ VGTK ની ૪૧ મી બેચનું ઈન્ડસ્ટ્રીમાં પોસ્ટીગ શરૂ થતું હોવાથી લીડરશીપ સંદર્ભે પ્રેરણાત્મક સેશન ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સાથે લીધું.

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર :

- તા.૧/૪/૨૬ થી તા.૩૦/૬/૨૬ સુધી ફાયર એન્ડ સેફટી ટ્રેડના ૯ તાલીમાર્થીઓને ૩ મહિનાની તાલીમ માટે સેન્ટ્રલ ફાયર સેફટી ઈન્સ્ટીટયુટ, વડોદરા ખાતે મોકલવામાં આવ્યા. જેમાં રેસ્કયુ અને ઈમરજન્સી ઓપરેશન, ઈન્ડસ્ટ્રીયલ અને બિલ્ડીંગ સેફટી, ફાયર પ્રિવેશન, ફાયર ફાઈટીંગ ઈકવીપમેન્ટ, સ્પ્રિંકલર સિસ્ટમ અને ડીલ્યુઝ ઓપરેશન વિશે માહિતી મેળવી.
- તા. ૧૭/૪/૨૬ના રોજ વિજીટીકેના સ્ટાફ દ્વારા અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્પોની મુલાકાત લેવામાં આવી. જેમાં વિવિધ પ્રકારની સોલાર પેનલ, પેસર ગેજ, એનર્જી કંટ્રોલર, વેન્ટિલેશન સિસ્ટમ, સ્ટીમ બોઈલર, ઈન્ડસ્ટ્રીયલ પાઈપ કોટીંગ વિશે માહિતી મેળવી.
- તા.૨૩/૪/૨૬ના રોજ અંકલેશ્વરથી આવેલ શ્રી સુધાબેન વડગામા દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે "વિશ્વ પુસ્તક દિવસ" ઉજવણી કરવામાં આવી. જેમાં તેમને જીવનમાં વાંચનનું મહત્વ, વાંચનથી થતા લાંબાગાળાના ફાયદા અને તેની જરૂરીયાત વિશે વિસ્તારપૂર્વક માહિતી આપી.
- **વિશ્વ પુસ્તક દિવસ – પુસ્તક પ્રદર્શન :** વિજીટીકે લાયબ્રેરીમાં વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે "પુસ્તક પ્રદર્શન" કરવામાં આવ્યું. જેમાં વિજીટીકેના વિદ્યાર્થીઓ અને સ્ટાફ જોડાયો હતો. જેનો મુખ્ય હેતુ સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે રસ અને રૂચી વધે તે હતો.
- વિજીટીકેના વાંચનમાં રસરૂચી ધરાવતા ૨૧ તાલીમાર્થીઓને ભરૂચમાં આવેલ કે.જે.ચોકસી લાયબ્રેરીની મુલાકાત કરાવવામાં આવી. જેમાં નરેન્દ્રભાઈ દ્વારા

વાંચનનું આપણા જીવનમાં મહત્વ અને વાંચનથી આપણા વિચારોમાં આવતા પરિવર્તન વિશે માહિતી આપવામાં આવી.

- **સ્ટેમ લેબ :** વિજીટીકેના તથા આસપાસના શાળાઓના વિદ્યાર્થીઓને સાયન્સ અને ટેકનોલોજીની યોગ્ય માહિતી મળે અને તે વિષયોમાં રસરૂચી વધે તે માટે સ્ટેમ લેબ (Science, Technology, Engineering & Mathematics Lab) કાર્યરત કરવામાં આવી. જેના લીધે વિદ્યાર્થીઓ આ લેબનો લાભ લેતા થયા છે.
- વિજીટીકેના બધા જ ટ્રેડના વિદ્યાર્થીઓનું સરકારી સર્ટિફિકેટ માટે એપ્રિલ'૨૬માં (Assessment) માધાવી યુનિવર્સીટી (ઉત્તરાખંડ) દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.
- **ચોથી વાલી મિટિંગ :** તા.૧/૫/૨૬ના રોજ વિજીટીકે ચાલુ બેચ નં.૪૧ના તાલીમાર્થીઓની વાલી મિટિંગ રાખવામાં આવી. જેમાં ૪૦ વાલીઓ હાજર રહેલા. જેમાં વાલીઓને વિજીટીકેમાં થઈ ગયેલી વિવિધ પ્રવૃતિઓ વિશે, તાલીમાર્થીઓની વધી રહેલી ગેરહાજરી બાબતે અને હોસ્ટેલમાં નડતા શિસ્તના પ્રશ્નો વિશે માહિતગાર કરવામાં આવ્યા.
- તા. ૭/૫/૨૬ ના રોજ જન પ્રકૃતિ ફાઉન્ડેશન દ્વારા ''આકાશ દર્શન''નો કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં બ્રહ્માંડ, વિવિધ પ્રકારના ગ્રહો અને તારાઓ વિશે માહિતી આપવામાં આવી. ત્યારબાદ ટેલીસ્કોપ દ્વારા શુક્ર અને ગુરૂ ગ્રહ જોવા મળ્યા. આ કાર્યક્રમમાં વિજીટીકે અને નર્સિંગ તાલીમાર્થીઓ, સેવા રૂરલનો સ્ટાફ અને પરિવાર સહભાગી થયા હતા.
- તા.૧૪/૫/૨૬ થી તા. ૨૩/૫/૨૬ સુધી નીસબર્ડ યુનિવર્સીટી દ્વારા ભારત સરકાર અંતર્ગત સોલાર રૂફટોપ સિસ્ટમ માટે સ્વરોજગાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ઈલેકિટ્રશિયન, સોલાર, ફિટર અને વેલ્ડર ટ્રેડના કુલ ૩૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો. આ શિબિરમાં સોલાર રૂફટોપ સિસ્ટમ વિષય પર તાલીમાર્થીઓને વિસ્તારપૂર્વક માહિતી અને એક દિવસ આ શિબિરમાં બેલ (BEIL) ઈન્ડસ્ટ્રીઝની પણ મુલાકાત લેવામાં આવી.
- તા. ૨૩/૫/૨૬ ના રોજ શ્રી મયંકભાઈ મહેતા (અમદાવાદ) દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે ''સ્વરોજગાર'' વિષય પર ૯મી શિબિર લેવામાં આવી. જેમાં સ્વરોજગાર કેવી રીતે શરૂ કરવો, કયો સ્વરોજગાર કરવો, માર્કેટની કઈ કઈ બાબતો ધ્યાન રાખવી વિગેરે વિશે તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.
- તા. ૫/૫/૨૬ થી તા. ૧૪/૫/૨૬ સુધી વિજીટીકેના સ્ટાફ દ્વારા તાલીમાર્થીઓ સાથે સ્વવિકાસ શૈશવ શિબિર કરવામાં આવી. જેમાં ટીમવર્કમાં કેવી રીતે કામ કરવું, જીવનના અલગ અલગ પરિમાણો, સ્વમાન વગેરે વિષયો પર વિવિધ રમતો દ્વારા તાલીમાર્થીઓને માહિતી આપવામાં આવી.
- **વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી :** તા. ૫/૬/૨૬ના રોજ બોરોસીલમાંથી આવેલ શ્રી ભરતભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા

વિજીટીકેમાં ઉજવણી કરવામાં આવી. જેમાં પર્યાવરણની જાળવણી માટે ભરતભાઈએ વધુમાં વધુ વૃક્ષો ઉગાડવાની વાત કરી. ત્યારબાદ વિજીટીકે કેમ્પસમાં દરેક મહાનુભાવોએ એક એક વૃક્ષ વાવ્યા. આ કાર્યક્રમમાં બોરોસીલના મહેમાનો, વિજીટીકેનો સ્ટાફ અને સેવા રૂરલનો સ્ટાફ જોડાયો હતો.

- તા. ૯/૬/૨૬ના રોજ શ્રી ભરતસિંહ રાઠોડ (દુર્ગા ફાયર, અંકલેશ્વર) દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે સેફટી આધારિત લેકચર લેવામાં આવ્યું. જેમાં વ્યકિતગત રક્ષણાત્મક સાધનો (PPE), વિવિધ પ્રકારના ફાયર એસ્ટ્રીગ્યુશર વિશે, ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતી વખતે ધ્યાનમાં રાખવાની સાવચેતીઓ અને આગ લાગે ત્યારે કેવી રીતે આગ બુઝાવવી તેનો પ્રેકિટકલ ડેમો કરીને તાલીમાર્થીઓને વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી.
- ટ્રેડની બેઝીક ટેકનીકલ તાલીમ અને ટ્રેડમાં વપરાતા ટુલ્સ અને મશીનોની સમજણ સ્પષ્ટ થાય તે હેતુથી દરેક ટ્રેડમાં ‘‘ટ્રેડ પ્રદર્શન’’ કરવામાં આવે છે. જેનાથી તાલીમાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થાય છે.
- તા. ૧૨/૬/૨૬ના રોજ શ્રી નિતીનભાઈ ટેલર (ભરૂચ) દ્વારા ‘‘પર્યાવરણ જાગૃતિ’’ (સાયકલ યાત્રા) વિષય પર વિજીટીકેના તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં તેમને પર્યાવરણને બચાવવા માટે વધુમાં વધુ વૃક્ષોને ઉગાડવા, ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ, શારિરીક અને માનસિક સ્વાસ્થ્યને કેવી રીતે જાળવવું અને જીવનમાં હંમેશા ખુશ રહેવાની વાત કરી.
- તા. ૧૯ અને ૨૪ જૂન ૨૦૨૬ ના રોજ વિજીટીકેના તાલીમાર્થીઓને બે ગ્રુપમાં ટેકનીકલ પ્રવાસના ભાગરૂપે ઈસરો અને ગુજરાત સાયન્સ સીટી (અમદાવાદ) લઈ જવામાં આવ્યા. જેમાં વિજીટીકેનો સ્ટાફ પણ તાલીમાર્થીઓ સાથે જોડાયો હતો.
- **સ્વરોજગાર શિબિર:** તા. ૨૩/૬/૨૬ થી તા. ૧/૭/૨૬ ના રોજ વિજીટીકેમાં ૯ દિવસની સ્વરોજગાર શિબિર રાખવામાં આવી. જેમાં વિજીટીકેના ૩૦ તાલીમાર્થીઓ જોડાયા હતા. આ શિબિરમાં અલગ ફેકલ્ટી દ્વારા તાલીમાર્થીઓને કયા કયા સ્વરોજગાર કરી શકાય, પ્રાથમિક કઈ તૈયારીઓ કરવી અને લોન કેવી રીતે અને કયાંથી લેવી વગેરે બાબતો વિશે માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું.
- **વાલી મિટિંગ :** તા. ૨૯/૬/૨૬ ના રોજ વિજીટીકેમાં બેચ નં.૪૧ ચાલુ બેચના તાલીમાર્થીઓની વાલી મિટિંગ રાખવામાં આવી. જેમાં ૧૩૧ વાલીઓ અને સફારી ઈન્ડસ્ટ્રીઝમાંથી જવાહરભાઈ કપાસી અને રઘુવીર ઈન્ડસ્ટ્રીઝમાંથી ભરતભાઈ સિધ્ધપુરા ખાસ હાજર રહેલા. આ વાલી મિટિંગમાં વાલીઓને વર્ષ દરમ્યાન થઈ ગયેલી વિવિધ પ્રવૃતિઓ, ઈન્ડસ્ટ્રીઝ તાલીમ અને નવી આવનાર બેચની એડમીશનની માહિતી આપવામાં આવી.
- **ઈન્ડસ્ટ્રીઝ વિઝિટની માહિતી :** અભ્યાસક્રમના ભાગરૂપે, દરેક ટ્રેડના વિદ્યાર્થીઓને દર

મહિને ઓબ્ઝર્વેશન દ્વારા નવી મશીનરી, નવા ઓપરેશન નવી ટેકનોલોજીનો પરિચય કરાવવાના હેતુથી નજીકના ઉદ્યોગોમાં શૈક્ષણિક મુલાકાતે લઈ જવામાં આવે છે.

## સેવા રૂરલના કાર્યકર માટે

- તા. ૧૦ અને ૧૧ એપ્રિલના રોજ સંસ્થાના રિટાયર્ડ કાર્યકરો તથા સંસ્થામાં કામ કરતા કાર્યકરોના ૫૫ વર્ષથી વધુ ઉંમરના માતા–પિતા માટે "સેકન્ડ ઈનિંગ શિબિર ભાગ–૩" અંતર્ગત દોઢ દિવસની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે વિવિધ પ્રવૃતિઓ, પ્રેરણાત્મક વિડિયો કલીપ, આરોગ્યપ્રદ જીવન શૈલી જેવી વિવિધ પ્રવૃતિઓ અને ચર્ચા કરવામાં આવી હતી. બીજા દિવસે નાના પ્રવાસ રૂપે સેવા રૂરલના અશા ગામે આવેલ સ્ટાફ ડેવલોપમેન્ટ સેન્ટરની મુલાકાત અને માલસર ખાતે આવેલ સત્યનારાયણ ભગવાન મંદિર તથા ડોંગરેજી મહારાજના આશ્રમની મુલાકાત કરાવવામાં આવી હતી.
- **સેવા રૂરલ સંસ્થા દ્વારા બહેનો માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન :** સેવા રૂરલ સંસ્થા દ્વારા મે મહિનામાં બહેનો માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ૪ ટીમો એ ઉત્સાહપૂર્વક, ખેલભાવના સાથે ભાગ લીધો હતો. ફાઈનલ મુકાબલામાં સેવા રૂરલ ટીમે શાનદાર પ્રદર્શન કરી વિજય મેળવ્યો જયારે વિજીટીકે ટીમ રનર્સ અપ રહી હતી.

  આ આયોજન દ્વારા બહેનોમાં રમત ગમત પ્રત્યેનો ઉત્સાહ વધારવા, આત્મવિશ્વાસ વિકસાવવા અને ટીમ ભાવનાને પ્રોત્સાહન આપવા મહત્વપૂર્ણ યોગદાન મળ્યું. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો.

## શારદા મહિલા વિકાસ સોસાયટી

### મહિલા જાગૃતિ કાર્યક્રમ :

- એપ્રિલ માસમાં બહેનોને "લાપતા લેડીઝ" ફિલ્મ બતાવી. જેમાં અચાનક આવી પડેલ મુસીબતમાંથી બે બહેનો પોતાની આવડતના ઉપયોગ કરી કેવી રીતે બહાર આવે છે તે જોયું અને બહેનોએ પોતાના અનુભવની વાત કરી, સારી ચર્ચા પણ કરી. ઘણાં બહેનોએ પ્રથમવાર થીએટરમાં ફિલ્મ જોઈ.
- ૬ જૂનના રોજ શારદા મહિલા વિકાસ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા થઈ. જેમાં પ્રમુખ પદે ઉર્મિલાબેન વસાવાની નિમણૂંક કરવામાં આવી. સ્ટાફ તથા સહયોગી બહેનોએ અભિનંદન પ્રસંગ તેમજ સારા–નરસા પ્રસંગોની વાત કરી. દરેક વિભાગની પ્રવૃત્તિઓની ટૂંકમાં રજૂઆત કરી.

વર્ષ ૨૦૨૫–૨૬ના નફા ફાળવણી, પ્રવાસ, ઈનામ વિતરણની વાત કરી.

આ વર્ષે આર્થિક પ્રવૃતિમાં ગારમેન્ટ વિભાગમાં કામ કરતા જશોદાબેન મોતાવલને પ્રથમ ઈનામ (સ્ટીલના થાળી–વાટકીનો સેટ) અને અન્ય સહયોગી બહેનોને પ્રેશર કુકર અને ચા–ખાંડના ડબ્બા પ્રોત્સાહિત ઈનામ તરીકે આપવામાં આવ્યા.

સભાના અંતમાં બધી જ બહેનો એકબીજાના કામમાં પુરક બની બીજી હરોળ તૈયાર કરે અને વધારે સારું કામ કરે એવી ચર્ચા થઈ.

## ગારમેન્ટ વિભાગ

- ગારમેન્ટ વિભાગમાં હાલ ૪૪ બહેનો કામ કરી રહયા છે.
- ગારમેન્ટમાં નાના બાળકની સેફટી માટે Sleeping bag (ગોદડી) બનાવવાનું શરૂ કરેલ છે.
- તા. ૧૭/૬/૨૬ના રોજ નવી વેકયુમ પ્રેસ લાવ્યા.

## સ્થાનિક સિવણ તાલિમ વર્ગ :

- ૩૮ બહેનોની સિવણ તાલીમ ચાલુ છે. જેઓએ સ્વરક્ષણની તાલીમ લીધી. જેઓની તા.૩૧/૭/૨૬ના રોજ તાલીમ પુરી થશે.
- બેચ નં. ૫૧–૫૨ની બહેનો સાથે જીવન ઘડતરની કુલ ૩ શિબિર કરવામાં આવી.

## નાસ્તા વિભાગ :

- નાસ્તા વિભાગમાં ગરમ નાસ્તો બનાવવાનું મશીન લાવવામાં આવ્યું. તા. ૭મી એપ્રિલથી ગરમ નાસ્તો જેવો કે ખીચું, ઢોકળા, બટાકા પૌવા અને સુરતી લોચાનું વેચાણ શરૂ કર્યું. હોસ્પિટલ કોરિડોરમાં ૧૦ થી ૧૨ના સમયમાં વેચાણ ચાલુ છે.

## બ્યુટીપાર્લર તાલીમ :

- એપ્રિલ ૨૦૨૬ થી ૧૬મી બેચની શરૂઆત થઈ. જેમાં ૨૪ બહેનોએ પ્રવેશ મેળવ્યો.
- એપ્રિલ ૨૦૨૬ થી એડવાન્સ કોર્ષની ૩જી બેચ શરૂ થઈ. જેમાં ૧૦ બહેનો તાલીમ મેળવી રહયા છે.
- તા. ૨૮/૫/૨૦૨૬ના રોજ બહેનોએ મેન્સ્ટ્રુઅલ હાઈજીન ડે ના સેશનમાં ભાગ લીધો.
- ૧૬ મી બેચના તાલીમાર્થી બહેનોએ સ્વરક્ષણ અને ઓએસીસની ૩ દિવસની તાલીમ મેળવી.

## ગ્રામ્ય સ્તરે તાલીમ વર્ગ :

- ૧૩ એપ્રિલે ઝઘડિયા તાલુકાના ઉંટિયા ગામમાં ૧૯ બહેનોએ સિવણ તાલીમ અને ૧૫ બહેનોએ બ્યુટી પાર્લરની તાલીમ પુરી કરી. પૂર્ણાહુતિ વખતે તાલીમ પુરી કરેલ બહેનોને બ્યુટી પાર્લરની સ્ટાર્ટઅપ કીટ, સિલાઈ મશીન અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા.
- ૯ મે ના દિવસે ઝઘડિયા તાલુકાના ખાલક

ગામમાં ૨૦ બહેનોએ સિવણ તાલીમ પુરી કરી. તેમને સિલાઈ મશીન અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા.

- ૯ એપ્રિલે ઉટિયા ગામના ૩૬ બહેનોને સંસ્થા દર્શન માટે ઝઘડિયા કેમ્પસ પર લાવ્યા.
- ૧ લી મે ના દિવસે વેલુગામમાં તાલીમ વર્ગોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જેમાં બ્યુટી પાર્લરમાં ૨૦ બહેનો અને સિવણમાં ૧૮ બહેનો તાલીમ લેશે. ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાત કેમિકલમાંથી કપિલભાઈ, ગામના સરપંચ, આગેવાનો, આપણા જ પ્રજ્ઞાચક્ષુભાઈ ખુમાનસિંહ તેમજ વિક્રમભાઈ વાંસદિયા હાજર રહયા હતા.
- ખાલક ગામમાં ચોથો વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ શરૂ કરેલો ત્યાં ખાતર કાઢવાનું શરૂ થઈ ગયું છે. એક પ્લાન્ટમાંથી આશરે ૨૦૦ થી ૨૨૫ કિલો જેટલું ખાતર તૈયાર થાય છે. એવા બે પ્લાન્ટમાંથી જે ખાતર તૈયાર થયું તેમાંથી ૫૦% ખાતર એ લોકોએ પોતાના ખેતરમાં વાપર્યું અને ૫૦% ખાતર ૧૦રૂા. ના ભાવે વેચાણ કર્યું.

## ટ્યુટોરિયલ :

- તા. ૧૪/૪/૨૦૨૬ ને મંગળવારના રોજ ''વાલી મિટિંગ''નું આયોજન કર્યું. જેમાં મહેમાનો તરીકે ઝંખનાબેન શેઠ, સુધાબેન, મયંકભાઈ અને વિક્રમભાઈ, જાગૃતિબેન હાજર રહયા. ટ્યુટોરિયલમાં બાળકો સાથે વાલીઓ આવ્યા. અમુક વાલીઓએ બાળકને ટ્યુટોરિયલમાં મોકલ્યા બાદ શું બદલાવ આવ્યો છે તેના પ્રતિભાવો આપ્યા. ત્યારબાદ મહેમાનો દ્વારા વાલી અને બાળકોને અનુરૂપ ઉદ્‌બોધન થયાં. દરેકને પ્રોત્સાહિત ઈનામ આપ્યા.
- તા. ૮/૬/૨૦૨૬ થી ટ્યુટોરિયલમાં નવા સત્રની શરૂઆત કરી.

## હરતી ફરતી શાળા :

- તા. ૧૪/૫/૨૦૨૬ થી તા. ૨૯/૫/૨૦૨૬ સુધી ગામોમાં ગ્રામ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું. બાળકોને ભેગા કરી સર્જનાત્મક પ્રવૃતિ કરાવી, અભિનય ગીતો કરાવ્યાં, મોટિવેશનલ વિડિયો, દોરીપાસ અને એકાગ્રતાની રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ બાળકોને મસાલાપુરીના નાસ્તાના પેકેટ આપવામાં આવ્યા હતા.

## કલરવ :

- તા. ૪/૫/૨૦૨૬ થી તા. ૯/૫/૨૦૨૬ સુધી કલરવ અને ટ્યુટોરિયલના બાળકોની શિબિર કરી. જેમાં પરિચય રમત, સર્જનાત્મક પ્રવૃતિ, ડેડીયાપાડા શૈશવ ટીમ દ્વારા મોટીવેશન વિડિયો, ગોતી લો મૂવી, સ્પોર્ટસ રૂમમાં રમતો, ગુડટચ–બેડટચની સમજ આપી. ડ્રોઈંગ સ્પર્ધા, લાડવા વડ આશ્રમમાં પ્રવાસ લઈ ગયા ત્યાં બાળકોને ધ્યાન વિશે સમજ આપી, બાળકો ત્યાં રમતો રમ્યા, બાળકોને શિબિરમાં ખૂબ મજા આવી.

## (૧) મિત્રોની નજરે

પ્રિય બંકિમભાઈ તથા સેવા સુવાસ સમિતિના મિત્રો,

સેવા સુવાસ સામયિકનો જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬નો અંક મળ્યો આનંદ અને આભાર. સેવા રૂરલ સતત પ્રગતિના પંથે આગળ વધ્યા કરે છે. સૌ કાર્યકરોની સમર્પણ ભાવનાને કારણે એટલે જ કોઈકને મન થાય છે કે દશમું ધોરણ નાપાસ કરેલા વિદ્યાર્થીઓને પાસ કરવા માટે અલગ કાર્યક્રમ થવો જોઈએ. તો કોઈ વળી દરિયા બહેન કિશોરભાઈ કે બીજા દર્દીઓને નવજીવન મળે તે માટે નિષ્કામ ભાવે પ્રયાસો કરે છે. આ પ્રકારના સામાયિક દ્વારા અન્ય સંસ્થાઓને કાર્ય પધ્ધતિ અને કાર્ય શૈલી અંગે સતત પ્રેરણા પ્રાપ્ત થાય છે અભિનંદન.

પ્રવિણચંદ્ર ઠક્કર, વડોદરા

## (૨) મિત્રોની નજરે

પ્રતિ,
સેવા સુવાસ સમિતિ
સેવા રૂરલ, ઝઘડિયા

વિષય : સેવા સુવાસ નિયમિત મળવા બાબત.

નમસ્તે,

સવિનય જણાવવાનું કે સેવા સુવાસ મેગેઝીન મને પોતાને છેલ્લા ઘણા વર્ષોથી નિયમિત મળે છે. વાંચીને અનહદ આનંદ થાય છે. ૧૯૮૦થી આ સંસ્થાની પ્રગતિ મને યાદોમાં છે. ૧૯૭૬થી ૨૦૦૦ની સાલ સુધી પાણેથા તા. ઝઘડિયા, જિ. ભરૂચમાં સરકારી નોકરીમાં હતો એટલે તમામ સેવા રૂરલની પ્રગતિથી માહિતગાર છું.

સંસ્થા ઉત્તરોતર પ્રગતિ કરે અને પ્રગતિનો અહેવાલ મેગેઝીન દ્વારા મળતો જ રહે છે અને રહેશે.

ડો. અનિલભાઈ દેસાઈ, ડો. લતાબેન તથા બંકિમભાઈ શેઠની સાથે હું હતો ત્યાં સુધી હંમેશા અવાર નવાર મળતો જ હતો અને તેમની સેવાઓનો લાભ પાણેથા, અશા વિભાગમાં મળતો જ હતો.

સરકારી નોકરીમાંથી તા. ૩૦/૬/૨૦૧૦ના રોજ વય નિવૃત થતાં મારા નાના સરખા કાશીપુરા ગામમાં રહું છું અને ગામમાં વિના મૂલ્યે મારી સેવાનો લાભ આપી રહયો છું.

અંતમાં સૌનો આભાર. આપણી સંસ્થા ઉત્તરોતર પ્રગતિ કરે એ જ અભ્યર્થના સાથે.

ડો. અશોકભાઈ પટેલના વંદન

## ભૂલ સ્વીકાર

અમારી હોસ્પિટલમાં PMJAY યોજના ચાલે છે. જે યોજના હેઠળ સમયાંતરે સરકારના અધિકારીઓ હોસ્પિટલમાં ઓડિટ માટે આવે છે. એક ઓડિટ દરમિયાન કેટલાંક મુદ્દાઓ નીકળ્યા. આ મુદ્દા અંગે ૧૫ દિવસ બાદ અમને ઈમેલ દ્વારા જાણ કરવામાં આવી હતી. પરંતુ મારી બેદરકારીને કારણે તે ઈમેલ જોવાનું ચૂકાઈ ગયું. મારા ઉપરી અધિકારીએ મને બે–ત્રણ વખત પૂછયું ત્યારે પણ મેં કહયું કે કોઈ ઈમેલ આવ્યો નથી.

સાત દિવસ પછી, જયારે તે જ ઈમેલ રિમાઈન્ડર તરીકે ફરી આવ્યો ત્યારે મેં તેને જોયો. પરિસ્થિતી તાત્કાલિક હતી, તેથી એ જ દિવસે સુપરિન્ટેન્ડન્ટ પાસે તેનો જવાબ તૈયાર કરવો પડયો અને જરૂરી

પુરાવા તૈયાર કરી સબમિટ કરવું પડયું. આ કારણે મારા સુપ્રીટેન્ડન્ટને પણ અનાવશ્યક તકલીફનો સામનો કરવો પડયો.

આ ઘટનામાં મારી બેદરકારીને કારણે થયેલી મુશ્કેલી માટે હું હૃદયપૂર્વક માફી માંગુ છું અને મારી ભૂલ સ્વીકારું છું. આ અનુભવ મને શીખવે છે કે જવાબદારી, સમયસર કાર્ય અને સતર્કતા આરોગ્ય સેવામાં અત્યંત મહત્વપૂર્ણ છે.

આવો સ્વીકાર માત્ર મારી ભૂલને સુધારવાનો પ્રયાસ નથી, પરંતુ સૌને યાદ અપાવે છે કે નાનકડી અવગણના પણ મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. આગળથી હું વધુ સતર્ક રહીને દરેક સંદેશા અને સૂચનાને ગંભીરતાથી ઘ્યાનમાં લઈશ. જેથી આવી ભૂલ ફરી ન થાય અને કાર્યક્ષેત્રમાં વિશ્વાસ તથા જવાબદારી જળવાઈ રહે.

(નામ : તક્ષશીલાબેન દોશી, હોદ્દો : સરકારી યોજના સુપરવાઈઝર, કસ્તુરબા હોસ્પિટલ)

## નાનાઓની મોટાઈ

ટયુટોરિયલ વર્ગમાં બાલવાટિકાથી ધોરણ–૧૦ સુધીના બાળકો આવે છે. મોટા ભાગનાં ગરીબ અને જરૂરિયાતમંદ બાળકો અભ્યાસ કરે છે. પ્રાર્થનાસભા દરમિયાન વાર્તાઓ દ્વારા બાળકોમાં ઈમાનદારી,સચ્ચાઈ,સહાનુભૂતિ અને મદદરૂપ થવાની ભાવના જેવા સદ્‌ગુણોનું સિંચન કરવામાં આવે છે.

એક દિવસ પ્રાર્થનામાં કોઈ બાળક પૈસા લઈને બેઠું હશે અને પડી ગયા. ધોરણ – ૨ ની એક વિદ્યાર્થીનીને રૂ.૨૦ મળ્યા. આર્થિક જરૂરિયાત હોવા છતાં તેણે તે રૂપિયા પોતાની પાસે રાખ્યા નહી.જો તે ઈચ્છે તો પોતાની જરૂરિયાત માટે તેનો ઉપયોગ કરી શકતી હતી. છતાં તેણે ઈમાનદારીનો માર્ગ પસંદ કરીને તરત જ શિક્ષિકાને ૨૦ રૂપિયા આપ્યાં અને કહયું' બેન કોઈના પૈસા પડી ગયા છે.''

શિક્ષિકાબહેને વિદ્યાર્થીની ઈમાનદારીની પ્રસંશા કરી. સૌને પૂછપરછ કરીને તે રૂપિયા જે બાળકના હતા તેને પરત કર્યા. આ નાનકડી ઘટના એ વાતનો સુંદર સંદેશ આપે છે કે સાચા સંસ્કાર અને ઈમાનદારી કોઈપણ પરિસ્થિતિ કરતા વધુ મૂલ્યવાન છે.

## સંશોધનની એરણે

**PMJAY** યોજના :

**પ્રસ્તાવના અને યોજનાનો પરિચય :**

ભારત સરકાર દ્વારા ગરીબ અને વંચિત પરિવારોને ગંભીર બીમારીઓ સામે સુરક્ષા આપવા માટે તા.૨૩ સપ્ટે.૨૦૧૮ના રોજ **'આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'** (PMJAY) અમલમાં મૂકવામાં આવી. આ વિશ્વની સૌથી મોટી સરકારી ભંડોળ ધરાવતી આરોગ્ય વીમા યોજના છે. સરકારનો મુખ્ય આશય એ છે કે દેશનો કોઈપણ ગરીબ નાગરિક નાણાંના અભાવે મોંઘી સારવારથી વંચિત ન રહે અને તેને 'યુનિવર્સલ હેલ્થ કવરેજ' પ્રાપ્ત થાય.

**PMJAY યોજનાના મુખ્ય પાસાઓ અને ફાયદા**

**વીમા કવચ :** આ યોજના હેઠળ દરેક પાત્ર પરિવારને વાર્ષિક રૂા.૫ લાખથી રૂા.૧૦ લાખ સુધીની મફત સારવાર મળે છે.

**કેશલેસ સુવિધા :** દર્દીએ હોસ્પિટલમાં એક પણ રૂપિયો આપવાનો રહેતો નથી; દાખલ થવાથી લઈને ઓપરેશન અને રજા આપ્યા પછીની દવાઓનો ખર્ચ આ યોજના હેઠળ આવરી લેવાય છે.

**ગંભીર બીમારીઓની સારવાર :** હૃદય રોગ, કિડની, કેન્સર અને ઘૂંટણના રિપ્લેસમેન્ટ જેવી ખર્ચાળ સર્જરીઓ પણ આમાં મફત ઉપલબ્ધ છે.

**સેવા રૂરલમાં અમલીકરણ અને લોકજાગૃતિ :** ઝઘડિયા સ્થિત સેવા રૂરલમાં આ યોજના ૨૦૧૮ થી જ કાર્યરત છે. શરૂઆતના સમયમાં ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં આ કાર્ડ બાબતે જાગૃતિ ઓછી હતી, પરંતુ સંસ્થાના સતત માર્ગદર્શન અને સફળ સારવારના કિસ્સાઓને લીધે આજે લોકોમાં ભારે જાગૃતિ આવી છે. આજે લોકો જાગૃત થઈને સામેથી કાર્ડ કઢાવવા અને તેનો લાભ લેવા માટે પ્રેરાઈ રહયા છે.

**અમારી ૯ સભ્યોની ટીમનું પ્રદાન :** આ વિશાળ યોજનાને છેવાડાના દર્દી સુધી પહોંચાડવા માટે સેવા રૂરલની ૯ સભ્યોની ટીમ કાર્યરત છે. આ ટીમ :

- હોસ્પિટલમાં આવતા દરેક દર્દીનું કાઉન્સેલિંગ કરે છે.
- હોસ્પિટલમાં દાખલ થતા દર્દીના નવા કાર્ડ કાઢી આપવા અને જૂના કાર્ડ રિન્યુ કરવામાં મદદરૂપ થાય છે.
- સરકારી પોર્ટલ પર ડેટા એન્ટ્રી અને કલેઈમની પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ કરે છે.
- વર્ષ ૨૦૧૮ માર્ચથી ૨૦૨૬ સુધીમાં કુલ ૨૫,૦૦૦ દાખલ દર્દીઓને લાભ આપેલ છે.

**સંસ્થા અને દર્દીઓને થતો લાભઃ**

**આ યોજના સેવા રૂરલ માટે 'સેવા સાથે સહાય'નું માધ્યમ બની છે :**

(૧) <u>દર્દીઓ માટે :</u> આર્થિક બોજ વગર ઉત્તમ કક્ષાની હોસ્પિટલ સેવાઓ ઉપલબ્ધ બની છે.

(૨) <u>સંસ્થા માટે :</u> યોજના અંતર્ગત જે વળતર સરકાર તરફથી મળે છે, તે સંસ્થાને આર્થિક મદદ પૂરી પાડે છે. આ નાણાંકીય સહાયથી સંસ્થા હોસ્પિટલના સાધનો આધુનિક બનાવી શકે છે અને અન્ય રાહતદરે ચાલતી સેવાઓને વધુ મજબૂત બનાવે છે.

**નિષ્કર્ષ :**

PMJAY એ માત્ર એક સરકારી યોજના નથી, પરંતુ ગરીબ દર્દીઓ માટે આશાનું કિરણ છે. સેવા રૂરલના માધ્યમથી છેલ્લાં છ વર્ષમાં હજારો લોકોએ આ યોજનાનો લાભ લઈ નવું જીવન પ્રાપ્ત કર્યું છે. અમારી ટીમ આગામી સમયમાં પણ વધુને વધુ લોકોને આ સુરક્ષા કવચનો લાભ મળતો રહે તેના માટે કટીબધ્ધ છે.

## ૨૦૩૦માં સેવા રૂરલ

ખૂબ જ ઝડપથી બદલાતી દુનિયામાં, દેશનાં અને અમારા કાર્યવિસ્તારનાં કેટલાંક પ્રશ્નો હળવાં બન્યાં છે. તો કેટલાક નવા જ પ્રશ્નોએ જન્મ લીધો છે. આ બદલાતાં સંદર્ભમાં, હવે પછીનાં ૪–૫ વર્ષો દરમિયાન સંસ્થાનાં કાર્યો, વ્યૂહરચના તથા સ્વરૂપ શું હોઈ શકે ? આ પ્રશ્નનાં જવાબ માટેની, ઘણી વિચારવિમર્શ બાદ, અમે કેળવેલી સમજ આ પ્રકરણમાં દર્શાવવાનો પ્રયત્ન છે. મુખ્યત્વે, બદલાતી દુનિયામાં તકો–પડકારો, ૧૯૮૦માં આકાર લીધેલ વિઝન–મિશન અને અભિગમની

પ્રસ્તુતતા, ભવિષ્યનાં કાર્યક્રમોની ઝાંખી, કાર્યક્રમોને સફળ બનાવવા માટે જરૂરી રીસોર્સ અને સંસ્થાની સુદીર્ઘતા જેવી બાબતો આ પ્રકરણના કેન્દ્રમાં રહેશે. છેલ્લાં વર્ષોમાં, સંસ્થાનાં પાયાનાં કાર્યકરોની વિચાર– વિમર્શની અંતે ઉપજેલા ચિત્રને અહી શબ્દોમાં ટાંકીશું.

૧૯૮૦ અને ૨૦૨૬નાં ભારતનાં અને અમારા કાર્ય વિસ્તારમાં મોટો તફાવત છે. આ તફાવતને સમજવો, સંસ્થાને જીવંત અને પ્રસ્તુત રહેવા માટે અનિવાર્ય છે. આ સમય દરમિયાન આર્થિક ગરીબી ઘટી છે, જાહેર સેવાઓનો પ્રસાર વધ્યો છે, શિક્ષણ અને જાગૃતિ વધ્યા છે. રોજગારી માટે વધુ વિકલ્પો પેદા થયા છે. માતા–બાળ મૃત્યુદર ઘટયો છે. ઝઘડિયામાં તો ઘણા ઉદ્યોગો આવ્યા છે. સંસ્થાકીય દ્રષ્ટિએ જોઈએ તો, હાલમાં, કુલ ૩૦ ડોકટરોની ટીમ સેવા રૂરલની કસ્તુરબા હોસ્પિટલમાં સેવાઓ આપી રહી છે. ઘણા કન્સલ્ટન્ટ પોતાના વિષયમાં જાણકાર અને અનુભવી છે. સ્ટાફમાં સંસ્થાનાં મિશન–અભિગમ માટે સારી સમજ અને આદર છે.

પણ, એની સામે, આદિવાસી વિસ્તારમાં ગરીબી, કુપોષણ અને વ્યસન હજુ પણ મોટા પાયે હાજર છે. મૂલ્યોનું ધોરણ સમાજનાં નીચે જઈ રહ્યું છે. ગરીબ–તવંગર વચ્ચેની ખાઈ વધુ ઊંડી થઈ છે. જાહેર સેવામાં ગુણવત્તાનાં અભાવે ન જાણે કેટલાયે ગરીબોએ જાન અને મોટી રકમ ખોઈ હશે. આંતરરાષ્ટ્રીય જર્નલ 'લેન્સેટ' મુજબ, દર વર્ષે લગભગ ૪ કરોડ ભારતીય આરોગ્યલક્ષી ખર્ચાના કારણે, ગરીબીમાં ધકેલાય છે. આ ઉપરાંત, અસમાનતા, પ્રદૂષણ, ભ્રષ્ટાચાર, ભેદભાવ જેવા વ્યાપક પ્રશ્નો વધુ પ્રબળ બન્યા છે. આને લીધે હજી પણ, મોટી સંખ્યામાં ગામડાઓમાં રહેલાં આદિવાસી અને વંચિત લોકોનું જીવન ગરીબી, વિટંબણા, ચિંતા અને રોગોથી ભરપૂર છે. અમારા કાર્યવિસ્તારમાં વિકસેલી ઔદ્યોગિક વસાહતોને લીધે મોટાપાયે બહારનાં રાજયોમાંથી આ વિસ્તારમાં મજૂરવર્ગના 'નીઓ મીડલ કલાસ' વ્યકિતઓ અને કુટુંબોનું સ્થળાંતર થયું છે. અમારા ગરીબ આદિવાસી લાભાર્થીઓ / દર્દીઓની વચ્ચે આવા સ્થળાંતર થયેલા વાચાળ દર્દીઓ અમને ઘણી વખત અમારા ગરીબ કેન્દ્રી મિશનની યથાર્થતા માટે વિચારતા મૂકે છે. કમનસીબે આ સામાજિક પ્રશ્નોને ઉકેલવા માટે નવી પેઢીના યુવા વર્ગમાં નિરાશા છે. સૌ પોતાનાં ઉપરછલ્લાં, વ્યકિતગત સ્વાર્થને સંતોષવા ખૂબ મહેનત કરી રહ્યાં છે. કેટલાક વ્યાજબી અને ગેરવ્યાજબી કારણોસર, સ્વયંસેવી સંસ્થાઓની ભૂમિકા વધુને વધુ મર્યાદિત થઈ રહી છે. કાયદાકીય જરૂરિયાતોને સંતોષવાનું વધુ અટપટુ બન્યું છે. વધતી જતી જાગૃતિ સાથે માત્ર ભાવનાશીલ કાર્ય ઉપરાંત પ્રોફેશનલ અભિગમ અને Skilled માનવબળની અપેક્ષા સમાજમાં દરેક વર્ગમાં વધી છે. હોસ્પિટલમાં લાભાર્થીઓની સંખ્યામાં કૂદકે ને ભૂસકે વધારો થઈ રહ્યો છે. સંસ્થાના મૂલ્યો અને કાર્યપધ્ધતિ જાળવીને આ વધતા જતા કાર્યને અમે સૌ કેવી રીતે પહોંચી વળીશું તેની ચર્ચા પણ થતી રહે છે.

આ લાંબી ચર્ચાઓને અંતે લાગ્યું કે, ગરીબો, મૂલ્યો અને સ્વવિકાસ એ ૨૦૨૬માં ૧૯૮૦ કરતાં પણ વધુ પ્રસ્તુત, જરૂરી અને સંસ્થાની સુદીર્ઘતા માટે ચાવીરૂપ છે. સંસ્થાએ શરૂ કરેલા ગરીબલક્ષી પ્રવૃતિઓનો લાભ ભલે નીઓ મીડલ કલાસ લેતા થાય પણ જયારે કોઈ પણ વ્યુહાત્મક / પ્રોગ્રામેટીક નિર્ણય actively લેવામાં આવે તો તેમાં ગરીબો જ કેન્દ્રમાં હોવા જોઈએ. મૂલ્યોની જાળવણી આજનાં સમયમાં જો કરી શકીએ તો તેનાથી વધુ મોટી સેવા બીજી શું હોઈ શકે ? એવું પણ પ્રતિત થયું કે કાર્યને ગરીબ કેન્દ્રિત રાખવા માટે કદાચ વધુ મહેનત, બલિદાન અને હિંમત તથા સર્જનાત્મકતા જોઈએ.

પરંતુ... માત્ર આટલું જ પૂરતું નહિં થાય. ઉપરનાં તત્વોની જાળવણીની સાથે સાથે બદલાતાં સમય

સાથે તાલ મિલાવવા, **'ફેરફારો માટે તૈયારી'**ની જરૂરિયાત અમને સૌને વર્તાય છે. એક અગત્યના ફેરફારનો અહી ઉલ્લેખ કરીએ તો તે છે સંસ્થાના કાર્યક્રમોની અસરકારકતા વધારવા માટેનાં પ્રયત્નો. સંસ્થાના કદમાં મોટો વધારો કર્યા વિના, મિશન–અભિગમને કોઈ હાનિ પહોંચાડયા વિના સંસ્થાની અસરકારતામાં હરણફાળ ભરવા માટે સઘન વિચારવિમર્શ અને પ્રયત્નો થઈ રહ્યા છે.

(૧) ગરીબ–ઉપયોગી સંશોધન કેન્દ્ર એટલે કે ૪૫ વર્ષોની સાધનાનાં અંતે જે કંઈ શીખ્યા હોઈએ તેનું અને નવા નવા ગરીબ ઉપયોગી પ્રયોગો કરીને તેનું વૈજ્ઞાનિક ઢબે દસ્તાવેજીકરણ કરવું. આવા પ્રયોગોને દેશનાં બીજા ગરીબ વિસ્તારોમાં વ્યાપ કરવા માટે **ઉદ્દીપકનું** કાર્ય કરવું કે જેથી સેવા રૂરલની સુવાસ અને અસર દૂર દૂરનાં વિસ્તારો સુધી પ્રસરે. પરિણામે અન્ય વિસ્તારોમાં વસતા ગરીબો અને વંચિતોને સીધો યા આડકતરો લાભ થાય.

(૨) સંસ્થાની અસરકારકતા વધારવા માટે, સંવેદનશીલ યુવકો–યુવતીઓ ખોળી કાઢીને તેમને ભવિષ્યનાં **'ચેન્જ–મેકર્સ'** બનવા માટે ખાસ કાર્યક્રમ શરૂ કરવાનું વિચારી રહ્યા છીએ. પદ્ધતિસર આવા ૧૦૦ યુવાન–યુવતીઓમાં જો યોગ્ય દિશા અને કૌશલ્ય આપી 'ચેન્જ–મેકર્સ' બનાવી શકીએ તો તેઓ તેમના કાર્ય વિસ્તારમાં ૧૦૦ 'સેવા રૂરલ' ઉભા કરશે.

(૩) ઉપલબ્ધ બાહ્ય રિસોર્સ અને જરૂરિયાતમંદ લાભાર્થી વચ્ચે સંસ્થા actively સેતુની ભૂમિકા પણ ધારણ કરે કે જેથી અમારા ઘનિષ્ઠ પ્રયત્નો વિના પણ છેવાડાનાં

(૪) માણસના જીવનમાં પરિવર્તન લાવી શકાય. ઝઘડિયા તાલુકાનાં ઔદ્યોગિકરણને ધ્યાનમાં લેતાં, અહીંથી દૂર કોઈ વધુ દુર્ગમ, અતિ ગરીબ, અઘરા વિસ્તારમાં કાર્યની શરૂઆત કરવી પડે. (ગામ : સેજપુર, તા. ડેડીયાપાડામાં આયોજન શરૂ કર્યું છે.

(૫) સંસ્થાના વધતા જતા કદને ધ્યાનમાં રાખતાં મૂલ્યોની જાળવણી માટે વધુ સઘન પ્રયત્નો અને કાર્યકરોના સ્વવિકાસ અનિવાર્ય બનશે. હાલનાં પરિવારભાવના, સહકાર, નિષ્પક્ષ ભાવનાથી ભરપૂર એવા સંસ્થાના વાતાવરણને જો હવે પછીનાં બે દાયકા અકબંધ રાખી શકીએ તો તે કદાચ સૌથી મોટી ઉપલબ્ધી થશે. બલ્કે, એક પણ નવો કાર્યક્રમ ભલે ન શરૂ થાય પણ આ વાતાવરણને અકબંધ રાખવું તે અમારી સૌથી મોટી જવાબદારી છે. ઈશ્વરની કૃપાથી, છેલ્લાં ૩–૪ વર્ષોમાં આ જવાબદારીને ઠોસ આકાર આપી અમલીકરણ માટે એક ટીમ બની છે કે જેઓ વિવિધ નવીન કાર્યક્રમો દ્વારા એક અદભૂત કામ કરી રહી છે. આ પ્રયત્નો પૂર જોશમાં ચાલુ રાખીશું.

(૬) બધા જ પ્રોગ્રામમાં અમારી પ્રણાલિકા પ્રમાણે રચનાત્મક અભિગમને જીવંત રાખીએ.

(૭) ઉપર જણાવેલ મહત્વકાંક્ષી યોજનાઓને ચરિતાર્થ કરવા માટે સંસ્થાની સબળ મેનેજમેન્ટ પ્રતિભાને હજુ વધુ વિકસાવવાની રહેશે. વ્યવસ્થા અને ભાવના બંનેનો સુમેળ જરૂરી બનશે, સૌથી અગત્યનું સંશોધન રહેશે. સંસ્થાના પાયાનાં અને અન્ય કાર્યકરોમાં મિશન પ્રત્યેની તીવ્રતા, વ્યવહારિક કોઠાસૂઝ અને પરસ્પર આદર–વિશ્વાસ–પ્રેમ હતા. તેને જાળવીને, સંસ્થાનાં જન્મમાં રહેલ સૂત્ર **" આત્માનો મોક્ષાર્થ, જગત હિતાય ચ " અંતરમાં વધુને વધુ ધ્યાનપૂર્વક અંકરવું રહેશે.** આધ્યાત્મિકતાને ખુલ્લેઆમ આવકારતા રહીએ અને તેનું પોષણ કરવાનો આનંદ પહેલાની જેમ માણતા રહીએ.

(ધન્યતાની કેડીએ પુસ્તકમાંથી ટૂંકાવીને)




રકતદાન કેમ્પ સેવા રૂરલ, ઝઘડિયા



માસિક સ્વચ્છતા વર્કશોપ, ગાંધીનગર




સેકન્ડ ઈનિંગ શિબિર



નવા કાર્યકરનો વર્કશોપ

જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ
ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.
મા શારદા

પ્રિન્ટેડ બુક

**—: વિશેષ સુચના :—**

અમારા સંસ્થામાંથી પ્રકાશિત થતું ત્રિમાસિક મુખપત્ર 'સેવા સુવાસ' E-mail થી મેળવવા માટે www.sewarural.org પર subscribe કરો.

**પ્રકાશક :**
સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી ,
ઝઘડીયા – ૩૯૩ ૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત
સેવા રૂરલ પબ્લિક ટ્રસ્ટ રજી. નં. એફ/૧૧૦/ભરૂચ
**E-mail : sewarural@ymail.com, Website : www.sewarural.org**
**Facebook : http://www.facebook.com/sewarural**
ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮, (મો.) ૯૪૨૮૪ ૪૩૬૧૭
**PAN No. AAATS 7375J**

શા.મ.વિ.સો. પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. એફ/૯૦૩/ભરૂચ
**smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org**
ફોન નં. (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, (મો.) ૯૪૨૯૦ ૩૬૪૯૦
**PAN No. AACTS 8212L**